Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પુસ્તક ૩૬ મું
સં. ૨૦૫૩
ભાદ્રપદ

# પથિક

અંક ૧૨ મો
સન ૧૯૯૭
સપ્ટેમ્બર

[ઈતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક]

આદ્ય તંત્રી : સ્વ. માનસંગજી બારડ
તંત્રી-મંડળ : ડૉ. નાગજીભાઈ કે. ભટ્ટી, ડૉ. ભારતીબહેન કી. શેલત
પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ (સંપાદક)

## આગામી દીપોત્સવાંક

ઑકટોબર-નવેમ્બરનો જોડિયો અંક દીપોત્સવાંક તરીકે તા. ૧૫ મી નવેમ્બરે ટપાલ કરવામાં આવશે. ગ્રાહકોને ધીરજ ધરવા વિનંતિ.

આ વખતે આ ખાસ અંક કચ્છમાં જાણવામાં આવેલાં પ્રાગૈતિહાસિક સ્થાનો, મુખ્યત્વે ધોળાવીરા વિશેના લેખો ઉપરાંત અન્ય એવાં સ્થળો વિશેના લેખો જ માત્ર છાપવામાં આવશે.

તેથી લેખકોને વિનંતિ કે વાર્તા-સંસ્કૃતિ-સભ્યતા તેમ ઇતિહાસપુરાતત્ત્વને લગતા કચ્છ સિવાયના લેખો મોકલવા તકલીફ ન લે.

—સંપાદક

## ફરી ફરી વિનંતિ

જૂના તેમ નવા બધા જ ગ્રાહકોને યાદ આપિયે છિયે કે જૂન-જુલાઈ-ઑગસ્ટના અંકોના મુખપૃષ્ઠ ઉપર જણાવ્યા પ્રમાણે 'પથિક'નું લવાજમ જુલાઈ માસથી રૂ ૩૫/- કર્યું છે. એજન્ટ ભાઇઓનું પણ આ તરફ ધ્યાન દોરિયે છિયે. નવા થનારા આજીવન સહાયકના રૂ. ૪૦૧/- કરવામાં આવ્યા છે.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભીલૂડાનું રઘુનાથજીનું મંદિર

પ્રો. ડૉ. એલ. ડી. જોશી

અયોધ્યામાં શ્રીરામ મંદિરમાં ભગવાનની પાદુકાઓની પૂજા થાય છે. એવી લોકવાણી વિખ્યાત છે કે અયોધ્યાના સેવકો-શ્રેષ્ઠીઓને સ્વપ્નમાં સૂચન થયું કે રાજસ્થાનના ડુંગરપુર જિલ્લામાં આવેલા ભીલૂડા ગામમાં સોમપુરા સલાટ પાસે શ્રીજી (રઘુનાથજી)ની મૂર્તિ બનાવીને અત્રે લાવી-પ્રાણપ્રતિષ્ઠા કરી. નિજમંદિરમાં પધરાવી પ્રભુની પૂજા-અર્ચના કરાવો. શ્રેષ્ઠી સહિત ભક્ત લોકો ભીલૂડા પહોંચ્યા અને શિલ્પીને વાત કરી. એણે સહર્ષ વાત કબૂલ કરી અને ચાર માસ માસ પછી મૂર્તિ તૈયાર થયે લઈ જવાનું સૂચન કર્યું.

અયોધ્યાવાસીઓ ઠેકાણે ગયા અને શિલ્પીએ મૂર્તિવિધાનાનુસાર ભગવાનશ્રી રઘુનાથની ધનુષબાણ હાથમાં લીધેલ મૂર્તિનું નિર્માણ કરીને મૂર્તિ લઈ જવા સંદેશ પાઠવ્યો. સમાચારથી રાજી થઇ પંડા ભકતો મૂર્તિ લેવા આવી ગયા. મૂર્તિ પૂરી થયા પછી અંતિમ ઓપ આપતી વખતે શિલ્પીનું ટાંકણું ભગવાનના જમણા પગના અંગૂઠાના નખ ઉપર પડ્યું અને નખ ક્ષત થયો, આથી શિલ્પીએ કહ્યું કે ખંડિતમૂર્તિની પૂજા નહિ થાય એવો શાસ્ત્રમત હોઇ મૂર્તિ રહેવા દો, બીજી ઘડી લઇશું, પરંતુ કહેવાય છે કે રાતના ફરી પ્રભુએ સ્વપ્ન આપીને જણાવ્યું કે મારા અસલ રૂપમાં નખક્ષત હોઈ પ્રતિમા બરાબર છે અને એની આજ રૂપમાં પૂજા થવા યોગ્ય છે.

આગન્તુકો મૂર્તિ ગાડામાં મૂકીને લઇ જવા રવાના થયા. મહીસાગર નદી પાર કરી રતલામ પહોંચી જવાનું હતું, પરંતુ ગાડાનાં પૈડાં રેતીમાં ખૂંપી ગયાં ને રાત પડી ગઈ. ભગવાને ફરી સ્વપ્નમાં કહ્યું કે મૂર્તિને અયોધ્યા લઇ જવાનો આગ્રહ છોડીને ભીલૂડામાં જ રહેવા દો અને પાદુકાઓ અયોધ્યા લઇ જઈ પૂજા કરો. ગાડાં પાછાં વાળ્યાં અને રઘુનાથજીની મૂર્તિ ભીલૂડામાં જ રહી ગઈ.

'પથિક'ના તંત્રી આચાર્ય (ડૉ.) કે. કા. શાસ્ત્રીજી સાથે ૧૯૬૨માં વાગડના પર્યટન વખતે ભીલૂડાના રઘુનાથજીની મૂર્તિનાં દર્શન કર્યાં. ફોટો પણ લીધો વાગડનું કેટલુંક શિલ્પ-સ્થાપત્ય શીર્ષક લેખ ગુજરાત રિસર્ચ સોસાયટીના જર્નલમાં છપાયો. આ મૂર્તિની વિશેષતા એ છે કે ધનુષબાણ અળગા કરી શકાય છે. શ્યામ કપુઆ પથ્થરની આ વિરલ પ્રતિમા છે. નાગર બ્રાહ્મણ સંત દુર્લભરામજી પર વાંસવાડાના મારા શિષ્ય નવીનચંદ્ર યાજ્ઞિકે પી.એચ.ડી. કરેલ છે. આ દુર્લભરામજીએ ૧૩ પદ ગાઇને બંધ દ્વાર ખોલાવ્યાનો ચમત્કાર ચર્ચિત છે. ડૉ. નવીનચંદ્ર આચાર્યના સ્મૃતિપુષ્પ-૧ માં સહેજ વિગત-ફેર જોતાં આ હકીકત પથિક દ્વારા પાઠકો સમક્ષ પ્રસ્તુત કરું છું.

૧૧-C, મહાવીરકૃપા સોસાયટી, સી. પી. નગર સામે, ઘાટલોડિયા રોડ, અમદાવાદ-૬૧.

---

**પૂર્તિ : નવીનચંદ્ર આચાર્યનો વિગતદોષ**-આચાર્ય મુજબ

(૧) ડુંગરપુરમાં સોમપુરાએ મૂર્તિ કરી ત્યાંથી ભીલૂડાવાડે લઇ જવાતી હતી, પરંતુ મૂળ વાત એમ છે કે ભીલૂડાના સલાટ શિલ્પીએ ઘડી અને મહીસાગર નદીની રેતીમાં (રતલામ માર્ગે જતાં) પૈડાં ખૂંપી ગયાં.

(૨) દુર્લભરામજીએ ૧૬ પદ ગાયાં એમ આચાર્ય લખે છે, પરંતુ અસલ તો ૧૩ પદ ગાયાં, જે હિંમતલાલ તરંગી વાંસવાડાવાળા દ્વારા છપાયાં છે.

આ બે વાતફેર હોઈ લખું છું. ધનુષ અને બાણ અળગા થઈ શકે છે એનો આચાર્યને ખ્યાલ નથી.

—એલ. ડી. જોશી

(૩) શ્રી રામચંદ્રજીની આ મૂર્તિનાં ભીલૂડામાં દર્શન કરવાનો મને ડૉ. જોશી જ્યારે 'વાગડીબોલી' ઉપર મારા માર્ગદર્શન નીચે શોધનિબંધ તૈયાર કરતા હતા ત્યારે 'વાગડીબોલી'નો કાને સાંભળીને અભ્યાસ કરવા ગયો હતો ત્યારે લાભ મળ્યો હતો. પૂર્વાભિમુખ ત્રણેક ફૂટની શ્યામ મૂર્તિ આરપાર કોતરેલી છે. આની મૂર્તિનાં દર્શન પ્રથમ વાર જ કરવાનો સુભગ યોગ મળ્યો હતો. મેં ફોટો ખેંચેલો, પણ ફિલ્મ નિષ્ફળ ગયેલી.

—કે. કા. શાસ્ત્રી

For Private and Personal Use Only

ટ્રસ્ટી-મંડળ

૧. ડૉ. ચિનુભાઈ જ. નાયક, ૨ ડૉ. કેશવરામ કા. શાસ્ત્રી, ૩. ડૉ. નાગજીભાઈ કે. ભટ્ટી, ૪. ડૉ. ભારતીબહેન શેલત, ૫. પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

વાર્ષિક લવાજમ : રૂા. ૩૫/-, વિદેશ રૂા. ૧૧૨/-, છૂટક રૂા. ૪-૫૦

વર્ષ ૩૬ * ભાદ્રપદ, સં. ૨૦૫૩ * સપ્ટેમ્બર, ૧૯૯૭ * અંક ૧૨

## અનુક્રમ

ગુજરાતનો જલિયાંવાલા બાગ — શ્રી ઉદય માહુરકર — ૧
ભારતીય ઉપખંડમાં સ્વાતંત્ર્યસંગ્રામમાં ગણિકાઓનો ફાળો — શ્રી હસમુખ. બી આચાર્ય — ૫
સુભાષચંદ્ર બોઝની વીરવાણી — સંકલન : શ્રી એ. એસ. આસર — ૮
ભો. જે. વિદ્યાભવનનાં ખતપત્રોનું વિહંગાવલોકન — ડૉ. વિભૂતિ વિ. ભટ્ટ — ૯
બહુચરા માતાજીનું પ્રાચીન મંદિર-જરુ — શ્રી પ્રમોદ જોષી — ૧૦
જવાહરલાલ નહેરુના આર્થિક વિચારો — શ્રી વિશાલ આર. જોશી — ૧૧
મ્યુઝિયમોની ઉપયોગિતા — શ્રી નરેશ અંતાણી — ૧૪
"શ્રીમન્નથુરામ શર્મા" (૧૮૫૮-૧૯૩૧) — કોટેચા જયશ્રી એમ. — ૧૬
અંગ્રેજ મુસાફર ટોમ કોરિયેટની ઐતિહાસિક નોંધો — શ્રી માનવ વર્મા — ૧૯
અમદાવાદના સેંટ જ્યોર્જ ચર્ચના ત્રણ અપ્રગટ અભિલેખો — ડૉ. થોમસ પરમાર, ડૉ. રશ્મિ ઓઝા — ૨૨
ભીલૂડાનું રઘુનાથજીનું મંદિર — ડૉ. એલ. ડી. જોશી — પૂંઠી ૩

આજીવન સહાયક થવાના રૂા. ૪૦૧/-

: મુદ્રણસ્થાન :
પ્રેરણા મુદ્રણાલય, ૧૭૫૬, રુસ્તમઅલીનો ઢાળ,
મિરજાપુર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૫૫૦૬૬૦૭
: લેસર ટાઈપ સેટિંગ : ક્રિશ્ના ગ્રાફિક્સ
૯૬૬, નારણપુરા જૂના ગામ,
અમદાવાદ-૩૮૦૦૧૩ * ફોન : ૭૪૮૪૩૯૩

## પથિક

'પથિક' પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થાય છે પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને નકલ અમને મોકલવી.

* 'પથિક' સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

* પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી

* કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે

* કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.

* 'પથિક'માં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

* અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

નમૂનાના અંકની નકલ માટે ૫-૦૦ની ટિકિટો મોકલવી.

મ.ઓ. ડ્રાફ્ટ-પત્રો માટે લખો :
પથિક કાર્યાલય
ભો. જે. વિદ્યાભવન, આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯
એ સ્થળે મોકલો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ગુજરાતનો જલિયાંવાલા બાગ

શ્રી ઉદય માહુરકર

૧૯૧૯નો જલિયાંવાલા બાગ હત્યાકાંડ ભારતીયોના મનમાં આજે પણ પીડા જગાવે છે. એવો જ બીજો કોઈ હત્યાકાંડ પણ થયો હશે ? 'ઇન્ડિયા ટુડે'એ એકઠા કરેલા પુરાવાઓ બતાવે છે કે જલિયાંવાલા હત્યાકાંડના માંડ ત્રણ વર્ષ પછી ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના એક ખૂણામાં વસેલું પાલચિતરિયા (આ ગામ અત્યારે દડવાવ તરીકે જાણીતું છે) પણ આવી જ એક લોહીભીની ઘટનાનું સાક્ષી બન્યું હતું. આ ગામમાં એક જ દિવસમાં ૧૨૦૦ આદિવાસીઓને ગોળીએ દેવાયા હોવાનું માનવામાં આવે છે; જોકે બ્રિટિશરો એ ઘટનાને દબાવી દેવામાં સફળ રહ્યા હતા. ઇતિહાસના કોઈ રેકૉર્ડમાં આ ઘટનાનો ઉલ્લેખ મળતો નથી, પણ 'ઇન્ડિયા ટુડે'એ આજે પણ જીવિત સાક્ષીઓ તથા ઇતિહાસકારો સાથેની વાતચીત અને ગામની જાતમુલાકાત લઈને અડાબીડ જંગલો વચ્ચે ઘટેલી આ ઘટનાને પ્રકાશમાં લાવવાનો પ્રયાસ કર્યો છે.

૭ મી માર્ચ, ૧૯૨૨ : ગુજરાત અને રાજસ્થાનની સરહદ નજીક, સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના એક ખૂણે આવેલું ભીલોની વસ્તીવાળું એક નાનકડું ગામડું પાલચિતરિયા. બપોરનો સમય હતો. વાતાવરણમાં ઉત્તેજના હતી. ભીલોના ગાંધી તરીકે જાણીતા મેવાડના સ્વાતંત્ર્યસેનાની મોતીલાલ તેજાવતની ગામમાં સભા હતી. હેર નદીના કાંઠે યોજાયેલી એ સભામાં આસપાસનાં ગામડાંમાંથી પણ આદિવાસીઓ આવ્યા હતા. સભાના સમાચાર જાણીને મેવાડ ભીલ કૉર્પ્સ (એમ.બી.સી.) નામના બ્રિટિશ અર્ધલશ્કરી દળના હથિયારબંધ જવાનો પણ સભાસ્થળે ગોઠવાઈ ગયા હતા.

એ દિવસે, જલિયાંવાલાં બાગના હત્યાકાંડને હજી માંડ ત્રણ વર્ષ થયાં હતાં ત્યારે, પાલચિતરિયામાં પણ અનેક નિર્દોષોનું લોહી વહ્યું. એમ.બી.સી.ના અંગ્રેજ અફસર મેજર એચ.જી.સટ્ટને આદિવાસીઓ પર ગોળીબારનો આદેશ આપ્યો. વિડંબના એ હતી કે ભીલ જવાનોએ જ ભીલ આદિવાસીઓ પર ગોળીબાર કર્યો. જલિયાંવાલા બાગમાં જેટલા લોકો શહીદ થયા હતા તેના કરતાં ઘણાં વધુ લોકો - લગભગ ૧૨૦૦ લોકો - એ દિવસે પાલચિતરિયામાં ગોળીએ વીંધાઈ ગયાં હોવાનું મનાય છે. નવાઈની અને દુઃખની વાત એ છે કે આટલો મોટો હત્યાકાંડ થવા છતાં એની બહુ ઓછી વિગતો પ્રકાશમાં આવી છે.

મોતીલાલ તેજાવતના પુત્ર અને સ્વાતંત્ર્યસેનાની મોહનલાલ કહે છે : 'આ જલિયાંવાલા બાગ કરતાં પણ મોટી દુર્ઘટના હતી, પણ ઇતિહાસકારોએ એની નોંધ ન લીધી.' મોતીલાલ તેજાવતના સાથીદાર અને દેશના સૌથી મોટી ઉંમરના સ્વાતંત્ર્યસેનાનીઓમાંના એક ૯૮ વર્ષના બલવંતસિંહ મહેતા ઇતિહાસે આ હત્યાકાંડની કોઈ નોંધ કેમ નથી લીધી એનું કારણ આપે છે. એઓ કહે છે : 'પાલચિતરિયામાં મરનારા લોકો જલિયાંવાલા બાગમાં માર્યા ગયેલા લોકો જેવા નહોતા. એ લોકો સાવ ગરીબ અને અભણ આદિવાસીઓ હતા, ઉપરાંત જલિયાવાલા બાગની ઘટના પછી અંગ્રેજો લોકોની નજરમાં આવી ગયા હતા એટલે આ બનાવ દબાવી દેવા એમણે શક્ય તેટલા બધા પ્રયત્નો કર્યા હતા.

આ દુર્ઘટના પર પડદો પાડી દેવાના પ્રયત્નોના કેટલાક આડકતરાં પુરાવાઓ જોકે 'ઇન્ડિયા ટુડે'એ મેળવ્યા છે. આ પુરાવાઓમાં સૌથી મહત્ત્વની છે અંગ્રેજ અધિકારી સટ્ટનની સત્તાવાર ડાયરી, જે 'ઇન્ડિયા ટુડે'એ રાજસ્થાનના ઉદયપુર જિલ્લાના ખેરવાડામાંથી મેળવી હતી. છેક ૧૮૩૮માં એમ.બી.સી.ની સ્થાપના થઈ ત્યારથી ખેરવાડા એમ.બી.સી.નું મુખ્ય મથક હતું. આ ડાયરીમાં એ સમયગાળામાં એ જ વિસ્તારમાં બનેલા બીજા નાના બનાવોની નોંધ લેવાઈ છે, પણ પાલચિતરિયામાં એમ.બી.સી.એ કરેલા ગોળીબાર વિશે કોઈ ઉલ્લેખ નથી. આ ડાયરીમાં સટ્ટનના પોતાના હસ્તાક્ષરમાં નોંધ છે.

રાજસ્થાનના આર્કાઇવ્ઝમાં પણ આ ઘટનાનો કોઈ ઉલ્લેખ નથી. ઉદયપુર યુનિવર્સિટીના ઇતિહાસ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિભાગના નિવૃત્ત એસોસિયેટ પ્રોફેસર એલ.પી.માથુર કહે છે : 'પાલચિતરિયાની ઘટનાને સાવ દબાવી દેવામાં આવી હતી. મોતીલાલ તેજાવતની એ વખતની પ્રવૃત્તિઓ અંગેનો સત્તાવાર રેકોર્ડ સ્પષ્ટ બતાવે છે કે આ ઘટના બની એના સત્તર દિવસ પહેલાં તેજાવત અને એમના ભીલ ટેકેદારો ૧૮ મી ફેબ્રુઆરી, ૧૯૨૨ ના રોજ ખેડબ્રહ્માની નજીકના વાલરેન ગામથી પાલચિતરિયા તરફ જવા નીકળ્યા હતા. ખેડબ્રહ્માના પોલિટિકલ એજન્ટે ખેરવાડાના પોલિટિકલ એજન્ટને આ વિશે માહિતી આપતો એક ટેલિગ્રામ કર્યો હતો, જે આર્કાઈવ્ઝમાં સચવાયેલો છે.' માથુર કહે છે કે સંશોધનના એક વિદ્યાર્થી તરીકે, અંગ્રેજોએ ભૂંસી નાખેલા, આવા તો ઘણા કિસ્સા એમની જાણમાં આવ્યા છે.

પણ અંગ્રેજો બનાવને નજરોનજર જોનારાં લોકોની યાદદાસ્ત ભૂંસી નથી શક્યા. નજરે જોનારા કહે છે કે તેજાવત નજીકનાં દાંતા સિરોહી ડુંગરપુર ને ઉદયપુરના ૨૦૦૦ આદિવાસીઓ સાથે પાલચિતરિયા આવ્યા હતા. આ સિવાય આજુબાજુનાં બીજાં ગામડાંના ૩૦૦૦ લોકો એમને સાંભળવા એકઠા થયા હતા. આદિવાસી વતી ૨૧ માગણીઓ ઉઠાવવા માટે તેજાવતે આ સભા બોલાવી હતી.

કોડિયાવાડ ગામના ૯૦ વર્ષના કોયાજી ધૂળાજી પટેલ કહે છે કે આ ઘટના એમણે નજરોનજર જોઈ હતી. કોયાજી એ હત્યાકાંડનું વર્ણન કરતાં કહે છે : 'ગોળીબાર શરૂ થયો કે તરત લોકો નાસભાગ કરવા લાગ્યાં. હું એક ખેતરની વાડ આડો સંતાઈ ગયો. ત્યાંથી મેં જે જોયું તે માની ન શકાય એવું હતું. લોકો ગોળી વાગવાને કારણે રીતસર ફંગોળાતા હતા. સિપાહીઓ લોકોએ પહેરેલાં ચાંદીનાં ઘરેણાં માટે પણ એમને મારી નાખતા હતા. મને બરાબર યાદ છે કે બાજુના અનોદ્રા ગામના નાથાજી મોથાલિયાને મારીને એક સિપાહીએ એમણે હાથમાં પહેરેલાં કડાં કાઢી લીધાં હતાં.' કોયાજીના કહેવા પ્રમાણે એક સિપાહીએ એમને ગોળીએ દેવાને બદલે બંદૂકનો કુંદો મારીને ભાગવા કહ્યું એટલે એઓ બચી ગયા હતા. કોયાજી કહે છે : 'હેર નદીના સૂકા પટમાં અને મેદાનમાં ચારે બાજુ લાસો વિખરાયેલી પડી હતી. લાસોને બાજુમાં આવેલા કૂવામાં નાખી દેવાઈ હતી. કૂવામાં છેક કાંઠા સુધી મડદાંનો ખડકલો થઈ ગયો હતો.'

ચિઠોડા ગામના ૮૫ વર્ષના સુખાભાઈ બોડાસના પિતા લાલજી આ હત્યાકાંડમાં ઈજા થતાં પાછળથી મૃત્યુ પામ્યા હતા. સુખાભાઈ કહે છે : 'મારા પિતાએ આ લોહિયાળ બનાવનું જે વર્ણન કર્યું હતું તે હું હજી ભૂલી શકતો નથી. લડાઈના મેદાનની જેમ આખું મેદાન સેંકડો લાસોથી ભરાઈ ગયું હતું અને હરિજનો પોલીસના હુકમ પ્રમાણે બાજુમાં આવેલા કૂવામાં લાસો નાખી રહ્યા હતા. એ દિવસે ૧૨૦૦ થી વધુ લોકોને એકસાથે રહેંસી નાખવામાં આવ્યાં હતાં.' એ વખતે ૧૦ વર્ષના સુખાને પિતા સાથે જવાની બહુ ઇચ્છા હતી, પણ લાલજીભાઈને કંઈક ગરબડ થશે એવી ગંધ આવી ગઈ હતી. ગોળી વાગી પછી એક મહિના સુધી પથારીવશ રહીને પછી મૃત્યુ પામેલા લાલજીભાઈની વાતો આજે પણ એમના પુત્રના મગજમાં અંકાઈ ગઈ છે.

આ ઘટના બની ત્યારે ત્યાંથી એક કિલોમીટર દૂર સૂરમા ધોળાજી નિનામા એમની ઝૂંપડી પાસે ઢોર ચરાવતા હતા ત્યારે એમણે ગોળીબારનો અવાજ સાંભળ્યો હતો. આજે ૮૩ વર્ષના સૂરમા નિનામાને અંધાપો આવી ગયો છે અને ટેકા વગર ચાલી શકતા નથી. એઓ એ દિવસ યાદ કરતાં કહે છે, : 'શરૂઆતમાં એક બંદૂકમાંથી ગોળી છૂટી હોવાનો અવાજ આવ્યો, પણ થોડી મિનિટો પછી મશીનગનમાંથી ગોળીઓ છૂટતી હોય એવા અવાજ સંભળાયા. એકાએક જ મેં લોકોને મારી તરફ ભાગી આવતાં જોયાં. કેટલાંક તો ગોળી વાગી હોવાને કારણે ઘાને હાથથી દબાવીને દોડતાં હતાં. હું ખેતરની વાડ પાછળ સંતાઈ ગયો હતો.'

કોયાજી પટેલ અને આ ઘટના નજરોનજર જોનારા બીજા કેટલાક લોકો કહે છે કે તેજાવતના આગ ઓકતા ભાષણને કારણે ઉશ્કેરાઈ ગયેલા એક આદિવાસીએ પોતાની દેશી બંદૂકમાંથી હવામાં ગોળીબાર કર્યો એ પછી એમ.બી.સી.ના 'ટોપાવાળા અંગ્રેજ સાહેબે' જવાનોને ગોળીબાર શરૂ કરી દેવાનો આદેશ આપ્યો હતો.

જો કે ઘટનાના સાક્ષીઓ કહે છે કે એકલદોકલ અપવાદ સિવાય કોઈ આદિવાસી હથિયાર લઈને આવ્યા



For Private and Personal Use Only

નહોતા. આ લોકો કહે છે કે એમ.બી.સી.ના જવાનો ખેરવાડાના એમના મુખ્ય મથકેથી વિજયનગર આવ્યા અને ત્યાંથી પાલચિતરિયા તરફ કૂચ કરી રહ્યા હતા ત્યારે આંદોલનકારી આદિવાસીઓએ એમના માર્ગમાં અડચણો ઊભી કરી હતી આ કારણે જવાનો પહેલેથી જ ઉશ્કેરાયેલા હતા.

બેલવેટા ગામના ૬૭ વર્ષના કાળાજી રામાજી ગામેતી આ ઘટનાનું વધુ સ્પષ્ટ વર્ણન કરે છે. એમના દાદીમાં સોમીબહેન પણ એ હત્યાકાંડમાં મૃત્યુ પામ્યાં હતાં. એ સભામાં કાળાભાઈના દાદા ધૂળાભાઈ અને સોમીબહેન બંને ગયાં હતાં. કાળાભાઈના કહેવા પ્રમાણે ગોળીબારમાં ઊગરી ગયેલા ધૂળાભાઈ ૧૨૦૦ લોકો મૃત્યુ પામ્યા હોવાનું કહેતા હતા. કાળાભાઈને એમના દાદાએ એ દિવસે જે વાતો કરી છે તે તેમને શબ્દેશબ્દ યાદ છે. રુવાડાં ઊભાં થઈ જાય એવું એ ઘટનાનું વર્ણન એઓ કરે છે. એમના કહેવા પ્રમાણે સોમીબહેન તો 'ટોપાવાળા સાહેબ'ની બાજુમાં જ ઊભાં હતાં. ઉશ્કેરાયેલા 'સાહેબ' અને ફટાફટ બંદૂક ઉપાડી નિશાન લેતા જવાનોને જોઈને સોમીબહેન ગભરાઈ ગયાં હતાં. એમણે 'સાહેબ' પાસે ખોળો પાથરીને ગોળીબાર ન કરવા આજીજી કરી હતી, પણ ત્યાંસુધીમાં આદિવાસીઓએ સૂત્રોચ્ચારો શરૂ કરી દીધા હતા. 'સાહેબે' સિપાહીઓને ગોળીબારનો આદેશ આપ્યો અને બંદૂકો ધાણી ફૂટતી હોય એમ ગોળીઓ ઓકાવા લાગી. ધાંધલ થઈ ગઈ એટલે સોમીબહેન જીવ બચાવવા નજીકમાં રહેતા હરિજનની ઝૂંપડી તરફ ભાગ્યાં, પણ ત્યાં પહોંચે એ પહેલાં તો એમને ગોળી વીંધી ગઈ અને ત્યાં જ ઢળી પડ્યાં.

દંતોલી ગામના ૮૪ વર્ષના થાવરાજી સૂરજી સડાફ માંડ માંડ ચાલી શકે છે અને ઉંમર એમના ચહેરા પર વર્તાય છે, પણ જયારે એમના મોટા ભાઈ હીરાભાઈ કેવી રીતે મૃત્યુ પામ્યા એવું પૂછીએ ત્યારે તરત એઓ કહે છે : 'મારા પિતા સૂરજીભાઈએ અમને બન્નેને સભામાં જવાની ના પાડી હતી, પણ હીરાભાઈ માન્યા નહિ, એ ધરાર સભામાં ગયા એની કિંમત એમને ચૂકવવી પડી. બીજે દિવસે મારા પિતા અને બીજા બે જણ એમનો મૃતદેહ લઈ આવ્યા ત્યારે એમના હાથ પરથી ચાંદીનાં કડાં કોઈએ ઉતારી લીધાં હતાં.'

દંતોલી ગામના જ ૬૦ વર્ષના ફૂરાભાઈ પટેલને એ કિસ્સો એટલે યાદ છે કે એમનાં કાકી વખતબહેન માત્ર ૧૯ વર્ષની કાચી ઉંમરે વિધવા થઈ ગયાં હતાં. ૧૫ વર્ષ પહેલાં એમનાં કાકી મૃત્યુ પામ્યાં. વખતબહેને ફૂરાભાઈને કહ્યું હતું : 'એમને (એમના પતિ કોયાભાઈને) ખભાની નીચે ઈજા થઈ હતી અને છતાં ગમે તેમ કરીને છટકી ગયા, પણ ઘરના દરવાજે પહોંચતાં વેંત એઓ ફસડાઈ પડ્યા અને છેલ્લા શ્વાસ પણ ત્યાં જ લીધા.'

દંતોલીના જ બીજા એક રહેવાસી ૪૯ વર્ષના જીવાભાઈ કાળાભાઈ અસારી કહે છે કે એમનાં દાદીમા અવારનવાર એ બનાવ યાદ કરતાં. જીવાભાઈનાં મા દાદીમા અને કાકી જીવાભાઈના દાદાનો મૃતદેહ લઈને પાલચિતરિયાથી ઘેર પાછાં ફર્યાં હતાં. વિજયનગર તાલુકા કૉન્ગ્રેસના પ્રમુખ લક્ષ્મણભાઈ કોટવાલ કહે છે : 'આ ઘટના અહીંના ઈતિહાસનો કદી ન ભૂંસાઈ તેવો ભાગ બની ગઈ છે.'

આ આદિવાસીઓ પોતાના હક માટે અડગ રહીને ગોળીએ મર્યા એ ઘટના અહીંના લોકોના મનમાં એવી કોતરાઈ ગઈ છે કે કોઈ વ્યક્તિ કોઈ વાતે ટસની મસ ન થતી હોય તો લોકો એને પૂછે છે કે 'આટલી હઠ કરે છે તો મોતીલાલ તેજાવતની ધમાલ(મતલબ કે હત્યાકાંડ)માં તું પણ કેમ મર્યો નહિ ?' વીસ વર્ષ પહેલાં હત્યાંકાંડના સ્થળેથી સાત આંબા કાપીને લાતીમાં મોકલવામાં આવ્યા હતા ત્યારે હત્યાકાંડ થયો હોવાનો એક મહત્ત્વનો પુરાવો મળ્યો હતો. લાતીમાં આંબાના થડ વહોરાતાં હતાં ત્યારે થડમાં ખૂંપી ગયેલી ઘણી ગોળીઓ મળી આવી હતી. પાલચિતરિયા નજીકના દડવાવની નિશાળના ૪૫ વર્ષના શિક્ષક ભીમજીભાઈ પટેલ કહે છે : 'મેં પોતે એ ગોળીઓ જોઈ હતી. ગોળીને કારણે આરીની ધાર પણ નકામી થઈ જતી હતી. કમનસીબે થડમાંથી નીકળેલી ગોળીઓ સાચવી રાખવા જેટલીય સમજ અમારામાં નહોતી.'

૧૯૮૫ માં રાજસ્થાન સાહિત્ય અકાદમીએ પ્રકાશિત કરેલા એક પુસ્તકમાં આ હત્યાકાંડનો ઉલ્લેખ છે. ઉદયપુરના સ્વર્ગસ્થ હિન્દી લેખક પ્રેમસિંહ કાંકરિયાએ તેજાવત પર લખેલા આ પુસ્તકમાં લખ્યું છે : ' એ કમનસીબ દિવસે પાલચિતરિયામાં ૧૨૦૦ આદિવાસીઓને એમ.બી.સી.એ ગોળીએ દીધાં. મૃતકોની સંખ્યાની દૃષ્ટિએ આ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હત્યાકાંડ જલિયાંવાલા બાગની ઘટના કરતાં પણ મોટો હતો, પણ સૌથી મોટી વક્રતા એ છે કે કોઈને એના વિશે જાણ નથી.' ચાર વર્ષ પહેલાં મૃત્યુ પામેલા સ્વાતંત્ર્યસેનાની શોભાલાલ ગુપ્તાએ પ્રસ્તાવનામાં લખ્યું છે : 'જલિયાંવાલા બાગ હત્યાકાંડ પાલચિતરિયાની સરખામણીમાં ફિક્કો પડી જાય છે.'

પુસ્તકમાંથી વિગતો અનુસાર આ વિસ્તારનાં આદિવાસીઓ તેજાવતને સ્થાનિક શાસકો તથા અંગ્રેજો સામે અવાજ ઉઠાવનાર, આદિવાસીઓમાં એ અંગેની જાગૃતિ લાવનાર અને સમાજસુધારણા કરનાર મસીહા માનતાં હતાં. તેજાવત પોતે એ હત્યાકાંડમાંથી માંડ માંડ બચી શક્યા હતા. એમને બે ગોળી વાગ્યા પછી ટેકેદારો એમને ઊંટ પર નાખીને ડુંગરામાં લઈ ગયા હતા. ૧૯૨૯ માં એમણે મહાત્મા ગાંધીની વિનંતીથી શરણાગતિ સ્વીકારી ત્યાંસુધી એઓ ભૂગર્ભમાં રહ્યા હતા. એ પછી એઓ સળંગ સાત વર્ષ સુધી જેલમાં રહ્યા હતા. ૧૯૬૩ માં ઉદયપુરમાં એમનું અવસાન થયું હતું.

હત્યાકાંડનો સૌથી મોટો પુરાવો એ છે કે ૧૯૪૭ માં આઝાદી મળ્યા પછી થોડા જ દિવસમાં મોતીલાલ તેજાવત ૧૯૨૨ ના એ હત્યાકાંડના શહીદોને અંજલિ આપવા પાલચિતરિયા ગયા હતા ત્યારે પણ એમણે આદિવાસીઓ અને મૃત્યુ પામેલાઓનાં સગાંસંબંધીઓની એક સભાને સંબોધી હતી. દડવાવનાં ૮૭ વર્ષનાં વિધવા કાળીબહેન દેવાભાઈ પટેલ કહે છે : '૧૯૪૭ માં મોતીલાલ અમારા ઘેર આવ્યા હતા ત્યારે હત્યાકાંડના દિવસે એઓ જે રસ્તેથી ભાગ્યા હતા તે રસ્તો પણ એમણે અમને બતાવ્યો હતો.' તેજાવતે હત્યાકાંડના સ્થળને 'વીરભૂમિ' નામ આપ્યું હતું અને શહીદોની યાદમાં દર સાતમી માર્ચે ત્યાં એક મેળો ભરવાનું પણ કહ્યું હતું, પણ ત્રણેક વર્ષ પછી મેળો યોજાવાનું બંધ થઈ ગયું. ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અને આ વિસ્તારના વિધાનસભ્ય અમરસિંહ ચૌધરી અહીં એક સ્મારક બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. અમરસિંહ કહે છે : 'અંગ્રેજોની ગોળીઓ મરનાર લોકોનાં કુટુંબીઓ અને ઘટનાને નજરોનજર જોનારાં કેટલાંય લોકો હજી પણ જીવે છે છતાં ઈતિહાસનાં પાનાં પર આ ઘટનાને યોગ્ય સ્થાન કેમ ન મળ્યું એનો ઈતિહાસકારોએ જવાબ આપવો પડશે.'

આ હત્યાકાંડ અહીંના લોકો માટે કદાચ દંતકથા સમાન બની ગયો હશે, પણ એની આસપાસનું રહસ્ય હજી જળવાઈ રહ્યું છે. એ સવાલ અનુત્તર રહે છે કે સત્તાવાળાઓ આટલી સહેલાઈથી આ ઘટનાને કેવી રીતે દબાવી શક્યા ! દંતોલી ગામના ૫૫ વર્ષના ભૂતપૂર્વ સરપંચ ગૌતમ પટેલનાં દાદીમા આ ઘટનાનાં સાક્ષી હતાં. એમણે કહેલી વાતોના આધારે ગૌતમભાઈ કહે છે : 'ભોગ બનનારાં દૂર દૂરનાં ગામડાંનાં હતાં અને એમના મૃતદેહ લેવા કોઈ આવ્યું નહોતું. ઘણાં સ્થાનિક લોકો ભાગી ગયાં હતાં. આવા ગાઢ જંગલમાં મૃતદેહોનો નિકાલ કરવો બહુ સહેલો હતો.'

ગુજરાત વિદ્યાપીઠની આદિવાસી સંશોધન સંસ્થાના ડિરેક્ટર સિદ્ધરાજ સોલંકીના કહેવા પ્રમાણે થોડા મહિના પછી એ હત્યાકાંડના અહેવાલો અમુક અખબારોમાં આવ્યા હતા. સિદ્ધરાજભાઈ પોતે પાલચિતરિયાથી ૫૦ કિલોમીટર દૂર આવેલા ગામના આદિવાસી છે. એઓ કહે છે : 'આ ઘટના બની છે એ વિશે કોઈ નક્કર પુરાવા નથી એ જ વાત અંગ્રેજ સરકારે આ ઘટનાને ભૂંસી નાખવાનો પ્રયાસ કર્યો હતો એનો મોટો પુરાવો છે.'

આ ઘટનાના કોઈ સીધા પુરાવાઓ નથી, છતાં જલિયાંવાલા બાગની ઘટના સાથે આ ઘટનાની સરખામણી થઈ જાય છે. સંખ્યાબંધ લોકો ઘટનાનું જે ચોકસાઈથી અને વિશ્વાસપૂર્વક વર્ણન કરે છે તે જોતાં લાગે છે કે ઘટના વિશે વ્યવસ્થિત તપાસ થવી જોઈએ. ૧૨૦૦ લોકો મૃત્યુ પામ્યાં હોવાની વાત સાચી હોય તો મૃતદેહો જે કૂવામાં નાખી દેવાયા હોવાનું કહેવાય છે તે કૂવામાંથી હાડપિંજરો કે વેરવિખેર હાડકાં મળી આવવાં જોઈએ, એમનું ફોરેન્સિક પૃથક્કરણ પણ થવું જોઈએ. એ જ રીતે આસપાસ દાટી દેવાયેલાં મનાતાં શબોના અવશેષો પણ મળી આવે. જે લોકોએ એ હત્યાકાંડ નજરોનજર જોયો છે અથવા તો જેમના બાપદાદાઓ હત્યાકાંડના સાક્ષી બન્યા છે તે લોકોની વાતોમાં કદાચ અતિશયોક્તિ હશે, પણ એ દિવસે પાલચિતરિયામાં કશુંક ભયંકર બન્યું હતું એ વાતનો ઈનકાર કરવો મુશ્કેલ છે.

('ઇન્ડિયા ટુડે'ના સૌજન્યથી, સાભાર)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભારતીય ઉપખંડના સ્વાતંત્ર્યસંગ્રામમાં ગણિકાઓનો ફાળો

શ્રી હસમુખ બી. આચાર્ય

ભારતીય સ્વાતંત્ર્યની લડતોનો ઇતિહાસ અત્યંત ગૌરવપૂર્ણ છે. એમાં ભાગ લેનાર અનેક વીર સેનાનીઓનાં નામ સુવર્ણ અક્ષરે લખાયેલાં છે તથા દેશ-વિદેશના ઇતિહાસકારોએ પોતપોતાની આગવી શૈલીમાં આ ગૌરવગાથાનું વર્ણન કર્યું છે, પરંતુ આમ છતાંય આ સંગ્રામમાં પોતાનો ફાળો આપી શહાદતને વહોરી ચૂકેલાં અનેક વીર અને વીરાંગનાઓનાં નામ ઇતિહાસનાં પૃષ્ઠો પર જોવા મળતાં નથી કે કોઈ પણ ઇતિહાસકારે એ નામોની નોંધ સરખી પણ લીધી નથી એ પણ એટલું જ સત્ય છે. ઇતિહાસની ઇમારતના પાયામાં કે જરી પુરાણા ખંડિયેરમાં દટાયેલાં આવાં કેટલાંક પૃષ્ઠોને આજે શોધી કાઢીને સ્વતંત્રતાપ્રાપ્તિની ૫૦મી વર્ષગાંઠ નિમિત્તે અત્રે ઉજાગર કરવાનો એક પ્રયત્ન કરું છું.

આપણા સભ્ય સમાજમાં ગણિકાઓ-વારાંગનાઓ-વેશ્યાઓ જેવાં નામોથી ધૃણાસ્પદ બનેલી વ્યક્તિઓએ પણ આપણા દેશની આઝાદીની લડાઈને કેવી રીતે વેગવાન બનાવી એને જન સાધારણ સુધી પહોંચાડી એની કડીબદ્ધ વિગતોના ઇતિહાસનું આલેખન એ એક નવું જ પ્રકરણ ગણી શકાય. વારાંગનાઓ કે વેશ્યાઓએ વીરાંગનાઓનો સ્વાંગ સજીને દેશને ખાતર વીરગતિ પ્રાપ્ત કર્યાની ઘટનાઓનો અપ્રકટ પ્રકરણ પરથી પડદો ઊંચકતાં કેટલાંક પાત્રો, જેવાં કે ચંદ્રસેના-નૂરબાઈ-અજિજનબાઈ-ચંદાબાઈ-કાશીની હુસ્નાબાઈ-વિખ્યાત ગાયિકા વિદ્યાધરીદેવી, ઇમામબાઈ બાંદી તથા અલિકેનરીદેવી જેવી ગણિકાઓનાં નામ સામે તરી આવે છે.

કલિંગના યુદ્ધમાં સમ્રાટ અશોકે ચંદ્રસેના નામની ગણિકાની સહાયતાથી જ વિજયશ્રી પ્રાપ્ત કરી હતી તથા વિજયધ્વજ કલિંગના મહેલ પર લહેરાવ્યો હતો. આ સમયે ચંદ્રસેનાની પણ કુમુદિનીદેવી નામની ગણિકા રણમેદાનમાં કલિંગની લડાઈ વખતે હથિયાર ધારણ કરીને લડતાં લડતાં વીરગતિ પ્રાપ્ત કરી ગઈ હતી.

દિલ્હીના બાદશાહ મહમદશાહ રંગીલાને પરાજિત કરનાર નાદિરશાહ દિલ્હીની ગણિકા નૂરબાઈથી ખુશ હતો, એના પર આફ્રિન હતો. નાદિરશાહે નૂરબાઈને પોતાની મલ્લિકા બનાવી ઇરાન લઈ જવાનો પ્રસ્તાવ જણાવ્યો ત્યારે આ દેશપ્રેમી વારાંગનાએ નાદિરશાહની પ્રસ્તાવને ઠુકરાવીને મોતને વહાલું કર્યું હતું.

આ જ રીતે લખનૌના નવાબ વાજિદ અલીશાહ પોતાના બૂરા વખતમાં કલકત્તા શહેરની મટિયા બુઝ જેવી જગામાં થોડી એવી પેન્શનની રકમમાં ગુજરાન ચલાવતા હતા ત્યારે લખનૌની એક ગુલ અદામ નામની વારાંગના-વેશ્યા પોતાના કોઠા પર દાટેલો બધો જ ખજાનો ખોદી કાઢીને વાજિદ અલીશાહને કલકત્તા આપવા ગઈ હતી અને એ તવાયફની રાજ્યભક્તિ જોતાં વાજિદ અલીશાહની આંખો પણ આંસુથી છલકાઈ ગઈ હતી.

ઈ.સ.૧૮૫૭ ના પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામમાં કાનપુરની વારાંગના અજિજનબાઈએ પોતાના કોઠા પરથી ખુલ્લે આમ બહાર આવી અંગ્રેજી શાસન વિરુદ્ધ સ્વાતંત્ર્યસંગ્રામના સૈનિકોનું નેતૃત્વ કર્યું હતું અને એણે મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. નાની ઉંમરમાં પોતાનાં માતા પિતાના અવસાન બાદ અજિજનબાઈ લખનૌની વિખ્યાત ગણિકા શાયર ઇમરાવજાન-અદાના હાથ નીચે ઊછરી હતી. એનામાં ઘણી જ શક્તિ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને નેતૃત્વના ઉમદા ગુણો તથા હોશિયારી હતી. પરિણામે લખનૌની એ સમયની તમામ ગણિકાઓનું એણે નેતૃત્વ પ્રાપ્ત કર્યું હતું.

એ ૧૮૫૭ ના સંગ્રામના શિલ્પીઓ પૈકીના એક શ્રી તાત્યા ટોપેના પરિચયમાં આવી હતી અને રાષ્ટ્રિયતાના રંગમાં રંગાઈ હતી. ઉપરાંત એ જ સમયના બીજા આંદોલનકારી નેતા નાના સાહેબનો પણ પરિચય થતાં સ્વાંતંત્ર્યસંગ્રામમાં ભાગ લેવાની તમન્ના વધુ બળવાન બની. અજિજનબાઈએ પોતાની કલા દ્વારા શમશુદ્દીન નામના એક બ્રિટિશ અફસરને પોતાની પ્રેમજાળમાં લઈને એની મદદથી એક ટોળકી બનાવી હતી. એ ટોળકીના સભ્યો અંગ્રેજી હકૂમત તથા લશ્કરની મહત્ત્વની બાતમી મેળવી સ્વાતંત્ર્યસેનાનીઓને પૂરી પાડતા હતા. આ ટોળકીમાં ફક્ત નાચવા-ગાવાવાળી સ્ત્રીઓ તથા કલાકારો હતાં, જે ત્રણ વિભાગમાં વહેંચાયાં હતાં : (૧) જાસૂસી વિભાગ, (૨) બીજો વિભાગ યુદ્ધમાં ઘવાયેલા આંદોલનકારીઓની શુશ્રૂષા કરતો હતો તથા (૩) ત્રીજા વિભાગના સભ્યો જરૂર પડ્યે યુદ્ધના મેદાનમાં હથિયાર ધારણ કરીને અંગ્રેજોની સામે લડતા પણ હતા. અજિજનબાઈએ પોતાના ધનના ભંડારો આ સ્વાતંત્ર્યવીરો માટે ખુલ્લા મૂક્યા હતા.

ઈ.સ. ૧૮૫૭ ના જૂનની ૪ થી તારીખે અજિજ્નબાઈ પોતાના પ્રિય ઘોડા પર બેસી, બખ્તર પહેરી, હાથમાં હથિયાર ધારણ કરીને અંગ્રેજ સેના વચ્ચે કૂદી પડી હતી અને એક બહાદુર વીરાંગનાની જેમ અંગ્રેજી સૈન્યનો કચ્ચરઘાણ વાળ્યો હતો. આખરે અંગ્રેજ સૈન્યના હાથે પકડાઈ ગઈ. ગોરા હાકેમે એને અંગ્રેજી હકૂમતની માફી માગવા કહ્યું તથા અંગ્રેજી હકૂમતની તરફેણમાં ગાયન-વાદનના કાર્યક્રમો કરવાનુ જણાવ્યું, તો અંગ્રેજ હાકેમ એને જીવતી છોડવા તૈયાર હતો ત્યારે આ બહાદુર વારાંગનાએ પોતાને તોપના ગોળા સામે ઊભી રહી મોત માગ્યું અને હિંદની સ્વતંત્રતાની ઘોષણા કરતાં કરતાં પોતાના પ્રાણની આહુતિ આપી દીધી - વીરગતિ પ્રાપ્ત કરી.

ભારતીય ઉપખંડના આધુનિક સમયના સ્વાતંત્ર્યસંગ્રામમાં પણ અગાઉની પરંપરાને આગળ વધારતાં ગણિકાઓ પોતાનો ફાળો આપવાનું ચૂકી નથી એનાં પણ અનેક ઉદાહરણો છે.

આધુનિક સ્વાતંત્ર્યસંગ્રામની મશાલને જલતી રાખવામાં મુખ્ય ભૂમિકા ભજવનાર ગણિકા હતી પૂનાની ચંદાબાઈ કે જે લોકમાન્ય બાળ ગંગાધર ટિળકની ભક્ત હતી. એણે પોતાનાં દેશ-ભક્તિનાં ગીતો દ્વારા જબ્બર લોકજુવાળ ઊભો કર્યો હતો, લોકોને આઝાદીની લડાઈમાં જોડાવાનું જોમ-જોશ પૂરાં પાડ્યાં હતાં અને તેથી અંગ્રેજી શાસનના પાયા હચમચી ગયા હતા. એનું મશહૂર એક ગીત નીચે પ્રમાણે હતું :

*"પરિંદે, હોની ઓ તુમ આઝાદ, કાહે તુમ પિંજર પરે ?*
*ભરો તુમ સાંસે-આઝાદી, કિ તોડો જુલ્મી જંજિરે ॥"*

આ ઉપરાંત કાશીની હુસ્નાબાઈ નામની ગણિકાએ સર્વપ્રથમ સમગ્રદેશની તવાયફ-સભા કાશીમા બોલાવી હતી, જેમાં કહેવાય છે કે મહાત્મા ગાંધીજી પણ ઉપસ્થિત રહ્યા હતા તથા સભાનું પ્રમુખસ્થાન બનારસની વિખ્યાત ગાયિકા વિદ્યાધરીદેવીએ લીધું હતું. હુસ્નાબાઈએ કાશીની આ સભામાં ગાંધીજીની આજ્ઞાથી "સ્વતંત્ર હિન્દુસ્તાન"ની ઘોષણા કરી હતી તથા હાજર રહેલી તમામ ગણિકાઓને વિદેશી માલનો બહિષ્કાર કરવાની પ્રતિજ્ઞા લેવરાવી હતી.

આ પછી ગાંધીજીએ પોતાના પ્રત્યેક કાર્યક્રમમાં દેશભક્તિનાં ગીતોનો ઉલ્લેખ કર્યો હતો તથા એનું ગાન પણ શરૂ કરાવ્યું હતું.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ જ પ્રમાણે બંગાળમાં પણ મહાત્મા ગાંધીજીના અસહકારના આંદોલનમાં ભાગ લેવા તથા એના પ્રચારમાં ભાગ લેવા માટે બંગાળની પ્રખ્યાત ગણિકા અલિકેનરીદેવીના નેતૃત્વમાં સંગઠિત થઈને આગળ આવી હતી તથા આ ગણિકાઓએ ગાંધીજીના અનેક સહયોગીઓ તથા આંદોલનકારીઓને ધન દ્વારા મદદ કરી હતી. કેટલાય આંદોલનકારીઓને આશ્રય પણ આપતી હતી. અલિકેનરીદેવી અંગ્રેજીની સારી એવી જાણકાર હતી આથી જ એ અન્ય ભાગોમાં પણ ફરીને પ્રચાર કરી શકી હતી.

ઈ.સ.૧૯૨૩ માં ઇમામ બાંદી લાહોરવાળી નામની ગણિકાએ હિંદસ્વાતંત્ર્યસંગ્રામમાં ઘણો જ અગત્યનો ભાગ ભજવ્યો હતો. મહત્ત્વની વાત તો એ હતી કે ઇમામ બાંદીનો ભાઈ આંદોલનકારી હતો અને સ્વાતંત્ર્યની લડાઈમાં જોડાયો હતો, પરિણામે ઇમામ બાંદીના કોઠા પર સ્વાતંત્ર્યસેનાનીઓ અને આંદોલનકારીઓને આશ્રય પણ મળતો હતો. ઇમામ બાંદી દ્વારા આંદોલનકારીઓનું દરેક રીતે રક્ષણ થતું હતું.

એક વાર એક અંગ્રેજ સી.આઈ.ડી. અફસર ક્રાંતિકારીઓની બાતમી મેળવવા માટે ક્રાંતિકારીનો સ્વાંગ સજી ઇમામ બાંદીના કોઠા પર આવ્યો, પરંતુ એ સાચો ક્રાંતિકારી ન હોવાને કારણે આ અંગ્રેજે બાંદીના કોઠાની એક રૂપસુંદરી સાથે અભદ્ર વ્યવહાર કર્યો, પરિણામે આ અંગ્રેજને ઇમામ બાંદીએ જાહેરમાં માર મારી, અપમાનિત કરીને કોઠા પરથી કાઢી મૂક્યો. પાછળથી આ અંગ્રેજ ઇમામ બાંદીને એક ખોટા કેસમાં ફસાવી અદાલત સુધી ઢસડી ગયો હતો. કોર્ટમાં અંગ્રેજ ન્યાયાધીશે ઇમામ બાંદીને પેલા અંગ્રેજને મારવાનું કારણ પૂછતાં આ ગણિકાએ જણાવ્યું કે "હજૂર, કોઠા પર ગણિકા રૂપસુંદરી સાથે અભદ્ર વ્યવહાર કરનાર વ્યક્તિ સ્વાતંત્ર્યસેનાનીને બદલે અંગ્રેજ હકૂમતનો પાલતુ કુત્તો જ હોઈ શકે અને એ માર સિવાય બીજું માગે પણ શું ?" એના આ જવાબથી ખિન્ન થઈને ગોરા ન્યાયાધીશે ઇમામ બાંદીને સખત કેદની સજા કરી. જેલમાંથી છૂટ્યા બાદ ઇમામ બાંદીએ સમાજસેવા ઉપરાંત "અરાસેનો " નામની ઉર્દૂ પત્રિકાનું પ્રકાશન શરૂ કર્યું હતું, જેને કારણે એને અંગ્રેજોની જોહુકમી સહન કરવી પડી હતી.

૧૯૩૧માં કાશી મુકામે ભરાયેલા કૉન્ગ્રેસ અધિવેશનની સફળતા માટે કાશીની પ્રખ્યાત ગણિકા લલિતાબાઈએ ફાળો ઘેર ઘેર જઈને એકત્રિત કર્યો હતો. એ ગાંધીજીની પ્રેરણાથી ચરખો કાંતતી હતી, આથી એ કાશીમાં "ચરખાવાળી બાઈ"ના નામે મશહૂર થઈ હતી. અંગ્રેજ હકૂમતનો એક ભારતીય પોલીસ કૉન્સ્ટેબલ ક્રાંતિકારીઓને ઘણા જ હેરાન કરતો હતો. લલિતાબાઈએ એને ભરી મહેફિલમાં કોઠા પર અપમાનિત કરવા માટે એ પોલીસ કૉન્સ્ટેબલને પોતાની પીઠ બતાવી એક શેર સંભળાવ્યો હતો : "ઐસો કી ક્યા દેખે સૂરત, જિન્હે વતન સે અપને હૈ નફ઼રતી" અને આ કૉન્સ્ટેબલ મહેફિલ છોડીને ચાલ્યો ગયો આ ચરખાવાળી બાઈએ સ્વાતંત્ર્યસેનાનીઓને તન મન ધનથી મદદ કરી હતી.

આ પ્રમાણે હિંદસ્વાધીનતાના સંગ્રામમાં ભાગ લેનારી આ વેશ્યાઓ-વારાંગનાઓ કે ગણિકાઓના યોગદાનની કોઈ પણ ઇતિહાસકારે જરા જેટલી પણ નોંધ લીધી નથી. ઇતિહાસની ઇમારતમાં દટાયેલાં આવાં અનેક અપ્રકટ પ્રકરણો પડ્યાં હશે, જેને સંશોધનકારોએ મહેનત કરીને બહાર લાવવાં જ રહ્યાં, એવી કેટલીયે ઘટનાઓ-બનાવો કે જે કાળની ગર્તામાં કોઈ પણ કારણસર ધકેલાઈ ગયા હોય તેને સાચો ન્યાય આપવો એ આજના સમયની માંગ છે, જરૂરત છે. આજ રાષ્ટ્રની સ્વાધીનતાની ૫૦ મી વર્ષગાંઠના સમયે આ એક અપ્રકટ પ્રકરણ જન સાધારણના માનસ પર રોમાંચકારી માહિતી પૂરી પાડનારું બનશે એ નિર્વિવાદ છે અને ઇતિહાસનો પણ એક નૂતન અધ્યાય શરૂ થશે એ એટલું જ સત્ય છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સુભાષચંદ્ર બોઝની વીરવાણી

સંકલન કરનાર : શ્રી એ.એસ.આસર

નેતાજી જાપાન જવા વિમાનમાં બેઠેલા ત્યારે એમણે બાળકો માટે ખાસ સંદેશો આપેલો :

(૧) "મારાં પ્યારાં બાળકો ! મારે પોતાને કોઈ બાળ બચ્ચાં નથી, પરંતુ તમે મને મારાં સંતાનથી અધિક વહાલાં છો, કારણ કે તમારા જીવનનો એક જ ઉદ્દેશ છે, મારા જીવનનો પણ એ જ મુખ્ય હેતુ છે : આપણી માતા ભારતીની સ્વાધીનતા.....મારો આત્મા હંમેશાં તમારી સાથે રહ્યો છે અને સદાય રહેશે. ઈશ્વર તમારું કલ્યાણ કરે. જયહિન્દ." (સુભાષબાબુનો છેલ્લો સંદોશ......૨૪ એપ્રિલ, ૧૯૪૫)

(૨) "મારા દેશબાંધવોને કહેજો કે જીવનના છેલ્લા શ્વાસ સુધી હું આઝાદીની લડાઈ લડ્યો છું. મારું સમગ્ર જીવન હિંદની આઝાદીના ધ્યેયને સમર્પિત થઈ ચૂક્યું હતું. મારા દેશબાંધવો પાસે હું એ જ ધ્યેયની સેવા ઇચ્છું છું." (૨૩ ઑગસ્ટ, ૧૯૪૫)

(૩) "પેલી એ ક્ષિતિજમાં નદીને પેલે પાર પેલી વનરાઈની પાછળ પેલી ગિરિમાળામાં છુપાયેલ આપણી જન્મભૂમિ પડી છે, જેના રજકણમાંથી હું અને તમે જન્મ્યાં છીએ. એ ભૂમિ પર આપણે પુનઃ પગલાં માંડવાં છે. સાંભળો.....સાંભળો, આપણો ભારત દેશ આપણને સાદ કરે છે, આપણું પાટનગર દિલ્હી આપણને બોલાવે છે, લોહી લોહીને પોકારે, તૈયાર થઈ જાઓ, સમય ન ગુમાવો, તમારાં આયુધો સજી લો, ચલો દિલ્હી."

(૪) "દિલ્હીનો માર્ગ એટલે સ્વાધીનતાનો માર્ગ. ચલો દિલ્હી." જર્મનીના રેડિયો મથક પરથી સુભાષબાબુએ પ્રથમ પ્રવચન કરતાં જણાવ્યું હતું કે બ્રિટનના ભાડૂતી પ્રચારકો મને દુશ્મનના હથિયાર તરીકે ઓળખાવે છે. મારા દેશબાંધવો સાથે વાત કરતો હોઉં ત્યારે મારે પ્રમાણપત્રની કોઈ જરૂર નથી. આ વિશાળ જગતમાં ભારતનાં એક જ શત્રુ છે, જેણે ૨૦૦ વર્ષ સુધી હિંદને પીંખ્યું છે ને અનેક પ્રકારની લૂંટ ચલાવી છે, માટે હિંદે આજે આઝાદી ને ગુલામી વચ્ચે પસંદગી કરી લેવાની છે."

(૫) "જન્મભૂમિમાંથી ચિરકાલ દેશવટો ભોગવવો એના કરતાં જેલમાં મૃત્યુને ભેટવું વધારે શ્રેયસ્કર છે. આ શુભ ભવિષ્યનો વિચાર કરવા છતાં હું કદીય નિરુત્સાહી થતો નથી. ઈશ્વરની શક્તિમાં મને વિશ્વાસ છે. ગૌરવનો પંથ કેવળ મૃત્યુના પંથે જ લઈ જાય છે. " (૪ એપ્રિલ, ૧૯૨૭)

(૬) "કર્તવ્યપાલન કરતાં કરતાં મૃત્યુ આવે તો એને પણ વધાવી લેવાની શક્તિ મારામાં છે કે નહિ એનો નિર્ણય કરતાં મને ત્રણ મહિના લાગ્યા. આ ત્રણ મહિના મેં પ્રાર્થના ચિંતન અને ધ્યાનમાં જ વિતાવ્યાં. મારું અંતર મને પોકારી પોકારીને કહેતું હતું કે ઇતિહાસ-પુરુષે તારા માટે એક ખાસ કાર્યનું નિર્માણ કરી રાખ્યું છે." (૨૯ જુલાઈ, ૧૯૪૩)

(૭) "આપણી પૂર્વ એશિયામાં આરઝી હકૂમતે આઝાદ હિંદની કામચલાઉ સરકારની સ્થાપના કરી,. હવે દેશના ચરણે સર્વસ્વ હોમી દેવા માટેનો આપણો કાર્યક્રમ વધારે વેગવાન બનાવવો જોઈએ. અંતિમ વિજય પ્રાપ્ત થતાં સુધી નાણાં માણસો ને સાધનોનો સતત પ્રવાહ સમરાંગણ સુધી સતત વહેતો રહે એ જોવાની પૂર્વ એશિયામાં વસતા એકે એક હિંદીની ફરજ છે."(૨૩ ઑક્ટોમ્બર, ૧૯૪૩)

(૮) "એઓ મને સ્વપ્નદ્રષ્ટા કહે છે, ખરું ને ? હું પણ કબૂલ કરું છું કે હું સ્વપ્નદ્રષ્ટા છું..બાલ્યાવસ્થાથી જ હું સ્વપ્નદ્રષ્ટા રહ્યો છું. અને મારું સૌથી વહાલું સ્વપ્ન એ મારી માતૃભૂમિની આઝાદી છે. એઓને લાગે છે કે સ્વપ્નદ્રષ્ટા હોવું એ કોઈ શરમની વાત છે, પણ મને આ બાબતનું અભિમાન છે." (૨૭ સપ્ટેમ્બર, ૧૯૪૩)

(૯) આખરી સંદેશ : "આઝાદ હિંદ ફોજના બહાદૂર અધિકારીઓ અને સૈનિકો ! તમે મણિપુર આસામ અને બ્રહ્મદેશમાં રણક્ષેત્રોમાં લડીને અને પરાજિત થઈને પણ આપણે અને તમે સ્વાધીનતાની સિદ્ધિનો માર્ગ સાફ કર્યો હતો. હિંદની મુક્તિ બાબતની મારી શ્રદ્ધા અવિચલ છે, આપણો રાષ્ટ્રિય ત્રિરંગો ધ્વજ, આપણાં રાષ્ટ્રિય સ્વમાન અને હિંદી સૈનિકોની મર્દાનગીની વીર પરંપરા આ બધું હું તમારા હાથમાં સલામત છોડીને જાઉં છું. એના રક્ષણ માટે તમારા સર્વસ્વનું બલિદાન આપશો એમાં મને તલ ભાર શંકા નથી....." ઇન્કલાબ ઝિંદાબાદ, આઝાદ હિંદ ઝિંદાબાદ, જયહિંદ......." (૨૪ એપ્રિલ, ૧૯૪૫)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભો. જે. વિદ્યાભવનનાં ખતપત્રોનું વિહંગાવલોકન

ડૉ. વિભૂતિ વિ. ભટ્ટ

ખતપત્રોનું ઐતિહાસિક સાધન તરીકે કેટલું મહત્ત્વ છે એ જોયા પછી એમાં આવતી વિગતોનો હવે વિચાર કરીએ.

આ સંગ્રહમાં મુઘલ-ઇસ્લામ કાલનાં તથા મરાઠા બ્રિટિશ અને અર્વાચીન કાલને લગતાં ખતપત્રો સંગૃહીત છે. કેટલાંક કાગળ પર અને મોટા ભાગનાં કાપડ પર નાની સાંકડી પટ્ટીને ખેળ ચડાવીને એ પર લખાયેલાં છે. આમાં સળંગ લીટી દોરીને દેવનાગરી અને/અથવા ગુજરાતીમાં લખાણવાળાં ખતપત્રો અહીં વધુ હોવાથી એઓમાંથી વિગતો ભરવામાં આવી છે. અલબત્ત, અરબી-ફારસીમાં અને જૂની ગુજરાતી તથા મોડી જેવી લિપિમાં પણ લખાણ લખેલાં છે તેનો અહીં ખાસ સમાવેશ કર્યો નથી. મરાઠા અને બ્રિટિશ કાલનાં આ સંગ્રહનાં ખતપત્રોનું કેટલુંક વિહંગાવલોકન થઈ ગયું હોવાથી, કેટલાંક વિશિષ્ટ ખતપત્રો પ્રકાશિત થયેલાં હોવાથી અહીં એનું સામાન્ય વિહંગાવલોકન કરીને એઓનું ઐતિહાસિક રાજકીય સાંસ્કૃતિક વગેરે અનેક રીતે કેટલી બધી વિગતોના અભ્યાસમાં મહત્ત્વ છે એ જોવાનો પ્રયત્ન કરીએ.

આ બધાં ખતપત્રો પૈકી કેટલાંક મિતિવાળાં કે મિતિ વિનાનાં કે અસ્પષ્ટ મિતિવાળાં, નાના-મોટા માપનાં અને લાંબા-ટૂંકા લખાણવાળાં છે તે બધાં ગેલ્વેનાઇઝ્ડ પતરાનાં ભૂંગળામાં સાચવવામાં આવ્યાં છે.

મુઘલ અમલ દરમ્યાનનાં ખતપત્રો અહીં સૌથી વધુ સંખ્યામાં સંગૃહીત છે. આ કાલ દરમ્યાન વહીવટી રાજ્યતંત્ર વ્યવસ્થિત ચલાવવા માટે બાદશાહો કાળજી રાખતા હોય એમ લાગે છે. દિલ્હીમાં કેંદ્રીય રાજ્યધુરા મુખ્ય હતી છતાં જુદા જુદા પ્રદેશોમાં અધિકારીઓ નીમીને, એઓને સત્તા અને જવાબદારીઓ સોંપીને કેંદ્રીય વહીવટ ચાલતો. એ પ્રકારની પ્રથા અત્યાર સુધી ભારતમાં ચાલી આવેલી છે.

ગુજરાતનો વહીવટ દિલ્હીના બાદશાહોએ નીમેલા સૂબાઓ દ્વારા થતો. એ સૂબો અમુક ગામ કે પરગણાનો વહીવટ ચલાવવા માટે નાયબ સૂબેદાર કે નાઝીમ જેવા હોદ્દેદારને નીમતો. આ ઉપરાંત મોટા ગામના કે શહેરના વહીવટ માટે અમુક પ્રદેશ-વિસ્તારના નાના સ્થાનિક અમલદારોને નીમીને શાંતિ અને વ્યવસ્થા જાળવવી, મહેસૂલ ઉઘરાવવું, ન્યાય આપવો વગેરે કાર્યો કરતો. આપણા સંગ્રહનાં અમદાવાદનાં ખતપત્રો પરથી એ બાબત યથાર્થ લાગે છે. અમદાબાદના મુઘલ વહીવટ દરમ્યાન અમુક બાદશાહના સમયે શહેરના જુદા જુદા વિસ્તારમાં સ્થાનિક અધિકારીઓ નીમીને વ્યવસ્થા થતી. કેટલીક વાર એક ખતપત્રમાં એકથી વધુ વિસ્તારનો અને એના અધિકારીઓનો ઉલ્લેખ[૩] જોવા મળે છે, તો કોઇકમાં એક જ સ્થળનો કે જે પ્રદેશની મિલકત મકાન હોય તેટલા પૂરતી જ વિગત અપાતી હોય છે; જેમકે રફીશાહ શાહદોલા પાતશાહ ઉર્ફે બાદશાહ રફી-ઉદ્-દૌલા ઉર્ફે શાહજહાં રાજાના રાજ્ય-અમલ (ઈ.સ.૧૭૧૯) દરમ્યાનના એક ખતપત્ર નં. ૮૮૩૮ માં દુર્ગબ્રહ્મવાટે નેયણપુરમાંનો અધિકારી મીરકોઈ શ્રી સલાબનખાંન, પીરોજવાડનો ફોજદાર તથા જાગીરદાર, બીજા એક ખતપત્રમાં જાગીરદાર મીયા મહમદ અકરમ, ઠાકુર, સીમના ('સીમારી') કોટવાલ વગેરે હતા. ઈદલપુર(માદલપુર)ના અધિકારી કાનૂંગા, ફોજદાર, શ્રેષ્ઠીનાં પદો સાથે નામો નોંધાયાં છે. હાજીપુરવાડે(માં) મીરકોઈ પદે હવાલદાર, પત્રી, કાનૂંગો વગેરે નામો મળે છે (નં. ૮૮૯૫). સં.૧૭૮૨ માં સાબરમતીની પશ્ચિમે ત્રવાડી, ફોજદાર, કાનૂંગો વગેરે, શેખપુરમાં કાનૂંગો, પિરોજપુરમાં સલાબતખાન વગેરે, સાહિલાબાદમાં હાક્યમ ગમરુરાનારા, શ્રેષ્ઠીપદ ગુરવાન (નં. ૮૮૪૫) વગેરે વગેરે.

પાદટીપ : (૧) 'પથિક', વર્ષ ૩૪, અંક ૧-૨, ૧૯૯૪, પૃ.૯૧ (૨) 'મુઘલકાલ' પ્રચલિત શબ્દ હોવા છતાં એવા પ્રયોગ માટે મતભેદો પ્રવર્તતા હોવાથી આ પ્રયોગ કર્યો છે. (૩) હ.ગં. શાસ્ત્રી, 'મરાઠાકાલીન ખતપત્ર', 'બુદ્ધિપ્રકાશ', માર્ચ, અમદાવાદ, ૧૯૭૮, પૃ. ૧૨૧-૧૨૪; વિભૂતિ ભટ્ટ, 'બ્રિટિશકાલીન ખતપત્રો', 'સામીપ્ય', અપ્રિલ-જૂન, અમદાવાદ, ૧૯૮૫.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બહુચરા માતાજીનું પ્રાચીન મંદિર - જરુ

શ્રી પ્રમોદ જેઠી

કચ્છના ગામે ગામ ઇતિહાસની ગાથા ગાતાં મંદિરો-પાળિયાઓ-તળાવો આવેલાં છે. આવું જ એક પ્રાચીન ગામ જરુને આજથી ૭૦૦ વરસ પહેલાં "જરુ" નૂખના મછોયા આહીરના હાથે તોરણ બંધાયેલ.

ભૂજથી અંજાર જતાં ૩૦ કિ.મી પર સુગાડિયા ગામ તરફ જવાનો રસ્તો આવે છે ત્યાંથી ૨ કિ.મી. દૂર સુગાડિયા ગામ આવે છે. ત્યાર બાદ મોડસર થઈ ૬ કિ.મી પર જરુ ગામ આવે છે. આ ગામનું મૂળ નામ 'રાજપર' હતું, પરંતુ "જરુ" નૂખના મછોયા આહીરે આ ગામનું તોરણ બાંધતાં 'જરુ' તરીકે ઓળખાતું હતું. આ ગામમાં દાખલ થતાં એક મોટું તળાવ આવે છે, જે 'માયાસર' તરીકે ઓળખાય છે.

આ તળાવ વિશે ગામના લોકોના જણાવ્યા મુજબ માયા નામના આહીરે આજથી ૩૦૦ વરસ પહેલાં નાની એવી જર (તળાવડું) ખોદાવેલ એણે એનું નામ 'માયાજર' રાખેલું હતું.*

આ જરુ ગામમાં ગુજરાત રાજ્યના માજી મહેસૂલ પ્રધાન સ્વ. પ્રેમજી ભવાનજી ઠક્કરે પોતાની શિક્ષક તરીકેની કારકિર્દીની શરૂઆત કરેલ. એઓ જે સ્કૂલના ખંડમાં વિદ્યાર્થીઓને ભણાવતા હતા તે આજ પણ જેમના તેમ જ છે અને ગામના લોકો આજે પણ આ શિક્ષકને યાદ કરે છે.

ગામની મધ્યે રામમંદિર આવેલ છે, જેમાં હાલે જ રામની મૂર્તિની પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે. બરાબર આ મંદિરની પાછળના ભાગે પ્રાચીન બહુચરા માતાજીનું મંદિર આવેલ છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર આજથી ૧૫૦ વર્ષ પહેલાં સિનોગરાના મિસ્ત્રીએ કરાવેલ હતો. મંદિરની બાંધણી બ્રિટિશ શૈલીની જણાય છે. અંદરના ગર્ભાગારમાં માતાજી કૂકડા પર સવાર છે. સિંહાસન ચાંદીના પતરે મઢેલ છે. એક જમાનામાં જાહોજલાલીની શાખ પૂરતા આ મંદિરમાં નાગર, પટેલ, પરજિયા સોની, વાણિયા, ગુર્જર સુથાર, દવે જ્ઞાતિના લોકોને પોતાના બાળકોના બાલમોવાળા ઉતારવા અહીં આવવું જ પડે છે.

મંદિર પાસે આવેલ ધર્મશાળામાં આ આવતા ભક્તોને ઉતારા માટેની સગવડ છે, જેઓ માતાજીને મીઠા ભાતનું નૈવેદ્ય ચડાવે છે. આ મંદિરમાં ગોવિંદ જોશીની ૭ મી પેઢીના શ્રી પરસોતમ મયારામ જોશી પૂજા કરે છે. મંદિરની બાજુમાં ઠાકોરજીનુ નવું મંદિર આવેલ છે. ઉપરાંત ઉપાધ્યાય કોમનાં બહુચરા માતાજીનું સ્થાનક અને મહાદેવનું નવું મંદિર આવેલ છે. બાજુમાં આવેલ પંદરની સંખ્યામાં તૂટેલ અસ્પષ્ટ લખાણવાળા પાળિયા આવેલ છે, જેમાં સંવત ૧૭૧૧ વંચાય છે. ગામમાં ૧૦૦ આહીર, ૮૦ રબારી, ૧૦ મુસલમાન, ૪ લુહાણા, ૧૨ કોળી, ૫ હરિજન એમ કુલ ૪૦૦ ખોરડાં આવેલ છે. ગામના સરપંચ તરીકે શ્રી નારામ આલા સેવા બજાવે છે. ગામની આજુબાજુનું વાતાવરણ રમણીય છે.

ઠે. આયના મહેલ, ભૂજ - ૩૭૦૦૦૧

* આના વિષયમાં ચમત્કારમૂલક એક દંતકથા પણ પ્રચલિત છે, પણ ઇતિહાસના ક્ષેત્રમાં આવી દંતકથાઓને સ્થાન ન હોઈ નોંધી નથી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જવાહરલાલ નહેરુનાં આર્થિક વિચારો

શ્રી વિશાલ આર. જોશી

**પૂર્વભૂમિકા :**

"હિંદના ઔદ્યોગિક વિકાસમાં તેમજ હિંદના અર્થતંત્રને સ્વાવલંબી બનાવવામાં નહેરુનું યોગદાન અમૂલ્ય છે." ડૉ.રાધાકૃષ્ણન્.

સ્વતંત્ર હિંદના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુનો જન્મ ૧૪ નવેમ્બર, ૧૮૮૯ નાં રોજ પ્રયાગ ખાતે થયો હતો. એમના પિતા મોતીલાલ નહેરૂ પાસેથી એમને સ્વતંત્રતાના અને સ્વાવલંબનના સિદ્ધાંતો વારસામાં મળ્યા હતા.

**નહેરુનું આર્થિક જીવન :**

જવાહરલાલ નહેરુનો જન્મ આર્થિક દૃષ્ટિએ સધ્ધર એવા કુટુંબમાં થયો હતો. એઓની યુવાવસ્થા પાશ્ચાત્ય દેશોમાં પસાર થઈ હોવાથી એમનું સમગ્ર જીવન વૈભવી વાતાવરણમાં પસાર થયું હતું. હિંદમાં આવ્યા બાદ અને એમાં પણ ગાંધીજીના સંપર્કમાં આવ્યા બાદ એમની આ વૈભવી જીવનશૈલીમાં મોટો ફેરફાર જોવા મળ્યો, વૈચારિક મતભેદ રહ્યો. સમૃદ્ધ પરિવારમાં જન્મેલા અને એમાં પણ પાશ્ચાત્ય જીવનશૈલીનો સ્વાદ માણેલા નહેરુ પર પાશ્ચાત્ય અર્થશાસ્ત્રીઓની ઘેરી અસર જોવા મળતી હતી, તેથી એમનું વ્યક્તિગત જીવન આર્થિક દૃષ્ટિએ પાશ્ચાત્ય જીવનનાં રંગે રંગાયેલું હતું. વિદેશી વસ્તુઓનો ઉપયોગ કરવાનો એમને શોખ રહ્યો હતો. એમના અંતિમ કાલમાં તો એમને એર-કન્ડિશનર વગર ચાલતું જ નહોતું. આ બાબત હિંદની આર્થિક પરિસ્થિતિને લક્ષ્યમાં રાખીને વિચારીએ તો જરા ખૂંચે ખરી. આ ઉપરાંત જવાહરલાલ જ્યારે પણ હિંદના પ્રવાસે કે મુલાકાતે નીકળતા ત્યારે હંમેશને માટે હવાઈમાર્ગનો ઉપયોગ કરવાનું પસંદ કરતા. હિંદની સ્થિતિથી વિપરીત એમના આ વૈભવી જીવનને કારણે કદાચ એમના પર ૧૨ માર્ચ, ૧૯૫૫ ના રોજ નાગપુર ખાતે કોહલી નામક રિક્સા-ચાલકે એમના પર હુમલો કર્યો હતો એની અસર હોય. 'દિલ્હી ચેમ્બર્સ ઑફ કૉમર્સ ઍન્ડ ઇન્ડસ્ટ્રીઝ'ના વાર્ષિક અધિવેશનમાં નહેરુ કદાપિ ગયા ન હતા. ઉપરાંત એઓ હિંદના વેપારી કે ઉદ્યોગપતિઓ સાથે ઊઠવા-બેસવાનું પસંદ કરતા નહોતા. અપવાદોને બાદ કરતાં કોઈ પણ ભારતીય ઉદ્યોગપતિ સાથે એમને લાંબો સમય સંબંધો સારા રહ્યા નથી; જેમકે .....જે.આર.ડી.તાતા સાથે એમનો વ્યવહાર જરા અજૂગતો કહી શકાય એવો હતો. આ બાબતને અનુસંધાને આપણને જણાઈ આવે કે એમનું વ્યક્તિગત આર્થિક જીવન હિંદની આર્થિક સ્થિતિથી વિપરીત હતું, જ્યારે બીજી દૃષ્ટિએ વિચારીએ તો નહેરુ પોતાના વ્યક્તિગત જીવનમાં પણ પૈસા કે અન્ય મોંઘી ચીજ-વસ્તુઓની સંગ્રહખોરીમાં માનતા નહોતા. જવાહલાલ માનતા હતા કે હિંદના ઔદ્યોગિક વિકાસ માટે ભારતીય નાગરિકોએ હિંદમાં જ મૂડીનું રોકાણ કરવું જોઈએ. પોતાને માટે રાખવામાં આવેલી સુરક્ષા-વ્યવસ્થા નહેરુને પસંદ નહોતી, કેમકે એની પાછળ તેમજ અન્ય નેતાઓ પાછળ થતો આ ખર્ચ એમને અયોગ્ય જણાતો હતો. એઓ પોતાના સુરક્ષા-કર્મચારીઓ વિશે આગળ પાછળ વારંવાર કાપ મૂકતા હતા. ખર્ચને ટાળવા માટે એઓ જ્યારે દેશ-વિદેશના પ્રવાસે જતા ત્યારે કોઈ જ કર્મચારીને લઈ જવાનું પસંદ કરતા નહિ. આમ પોતાની સુરક્ષા પાછળ કરવામાં આવતો ખર્ચ એમને પસંદ ન હતો.

**નહેરુ અને હિંદનું અર્થતંત્ર :**

ભારતીય અર્થતંત્રના વિકાસમાં નહેરુનાં વિચારો અને કાર્યોને તપાસીએ તો ઔદ્યોગિક ક્રાંતિ પછી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પાશ્ચાત્ય રાષ્ટ્રો આર્થિક દૃષ્ટિએ સધ્ધર થતાં જતાં હતાં અને હિંદ પરાવલંબી બનતું જતું હતું એ બાબત નહેરુને માટે વિચારણીય બની ગઈ હતી, જેમાં હિંદનું પરાવલંબી અર્થતંત્ર હિંદની આર્થિક અસમાનતા, કંગાળ ઔદ્યોગિક વિકાસ જેવી બાબતો નહેરુ માટે પડકારરૂપ બની ગઈ હતી. ૧૯૨૦ પછી હિંદ પર ગાંધી-વિચારધારાની ઊંડી અસર થઈ હતી એમાં નહેરુ પણ ગાંધી-વિચારધારાથી પ્રભાવિત થઈ ગયા હતા, તેથી અર્થતંત્રની બાબતમાં નહેરુ પાશ્ચાત્ય વિચારસરણી અને ગાંધી-વિચારધારા વચ્ચે પીડાતા હતા. નહેરુ પાશ્ચાત્ય રાષ્ટ્રના અર્થતંત્રથી ખૂબ જ પ્રભાવિત થયા હતા અને કદાચ તેથી જ પોતાના મૌલિક અર્થતંત્રનું સર્જન કરી શક્યા નહિ હોય. સ્તાલિનકાલીન રશિયાનો આર્થિક વિકાસ જોઈ નહેરુ અચંબામાં પડી ગયા હતા, તેથી જ આઝાદી પહેલાંનાં કૉન્ગ્રેસનાં મોટા ભાગનાં અધિવેશનોમાં નહેરુ પોતાના આર્થિક વિચારો રજૂ કરતા હતા.

ભારતીય અર્થતંત્રના વિકાસ માટે કેવાં પગલાં લેવા જોઈએ એ માટે નહેરુ હંમેશા વિચારતા રહેતા. આ ગાળામાં જ રશિયન પંચવર્ષીય યોજનાઓ સફળ પુરવાર થતાં એનાથી નહેરુ પ્રભાવિત થઈ ગયા હતા. ત્યાર બાદ (૧૯૩૬ પછી) નહેરુ મિશ્ર અર્થતંત્રના પ્રયોગ માટે વિચારતા થયા હતા. ૧૯૩૬ ના કૉન્ગ્રી અધિવેશનોમાં એમણે ભારતીય અર્થતંત્રને અનુલક્ષીને જે વિચારો રજૂ કર્યા તેમાંથી નીચેની બાબતો સ્પષ્ટ થયા વગર રહેતી નથી :

૧. નહેરુના આર્થિક વિચારો પર ગાંધી-વિચારસરણીની ઊંડી અસર હતી. વળી નહેરુ લોકશાહીના ચુસ્ત હિમાયતી હતા અને તેથી જ લોકશાહીના રક્ષણ માટે અર્થતંત્ર સ્વાવલંબી હોવું જોઈએ એમ એઓ દૃઢપણે માનતા હતા. રશિયાના આર્થિક વિકાસથી નહેરુના આર્થિક વિચારોમાં વિરોધાભાસ દેખાવા લાગ્યો હતો, કેમકે એઓ ૧૯૩૬ પછી મૂડીવાદી અર્થતંત્ર અને સમાજવાદી અર્થતંત્રનું મિશ્રણ કરવા લાગ્યા હતા.

૨. શોષણવિહીન સમાજ-વ્યવસ્થા માટે, સમાન ધોરણે આર્થિક વિકાસ માટે અને પ્રજાકલ્યાણકારી આર્થિક કાર્યક્રમોના અમલીકરણ માટે એઓ દેશના અર્થતંત્રમાં રાજ્યના હસ્તક્ષેપનો સ્વીકાર કરતા હતા.

૩. અંગ્રેજકાલીન હિંદમાં રહેલી જમીનદારી-પ્રથાના નહેરુ વિરોધી હતા. આ પ્રથા આર્થિક અને સામાજિક વિકાસને રૂંધે છે તથા આર્થિક અસમાનતાને એ જન્મ આપે છે એમ નહેરુ માનતા હતા. એમના મતે ભારતીય અર્થતંત્ર અને ઔદ્યિગિકીકરણ બંને ખેતી પર આધારિત હોવાથી આ પ્રથા દૂર કરવી જોઈએ.

૪. પંડિત નહેરુ અર્થતંત્રની બાબતમાં કલ્પનાશીલ હતા અને વિપરીત પરિણામની અપેક્ષા રાખનારા હતા. હિંદના આર્થિક વિકાસ માટે એઓ લઘુ ઉદ્યોગોને નકારતા હતા. પાંશ્ચાત્ય રાષ્ટ્રોની હરોળમાં હિંદને મૂકવા માટે એઓ મોટા પાયે ઔદ્યોગિકીકરણની હિમાયત કરતા હતા.

૫. હિંદના આર્થિક પુનરુત્થાન માટે નહેરુ વૈજ્ઞાનિક દૃષ્ટિનું મહત્ત્વ સમજતા હતા. વૈજ્ઞાનિક પદ્ધતિથી હિંદનો આર્થિક વિકાસ થાય એમ નહેરુ ઇચ્છતા હતા. ખેતી અને ઉદ્યોગો વૈજ્ઞાનિક ઢબનાં હોવાં જોઈએ એવું એઓ દૃઢપણે માનતા હતા. ભારતીય અર્થતંત્રને પાયાથી મજબૂત બનાવવાના હેતુથી નહેરુ ગ્રામીણ અર્થતંત્રને વિકસિત અને ચેતનવંતું બનાવવા માગતા હતા.

**મૂલ્યાંકન :**

ટૂંકમાં કહેવું જોઈએ કે કાર્લ માર્ક્સની જેમ જ નહેરુના આર્થિક વિચારોમાં સામાન્ય માનવી જ કેંદ્રસ્થાને હતો. નહેરુ ભારતીય અર્થતંત્રનો જેટલો વિકાસ ઇચ્છતા હતા તેટલો કદાચ કરી શક્યા ન હતા, કેમકે એઓ

૧. કલ્પનાશીલ અને પાશ્ચાત્ય અર્થતંત્રથી પ્રભાવિત રહેલા હતા,



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૨. એઓ હિંદની લોકશાહીના ભોગે કશું જ કરવા માગતા ન હતા,

૩. બીજી તરફ એઓ ગાંધી-વિચારધારાને પણ માન આપતા હતા અને ગાંધીજી તો પાશ્ચાત્ય અર્થતંત્રને ધિક્કારતા હતા,

૪. એમનાં આર્થિક વિચારો - કાર્યો દઢ ન હતાં, કેમકે એઓ ક્યારેક મૂડીવાદી હતા તો ક્યારેક સમાજવાદી.

આમ, ઉપર્યુક્ત કારણોને લીધે નહેરુ ભારતીય અર્થતંત્રના વિકાસમાં જેટલું ઇચ્છતા હતા તેટલું સિદ્ધ કરી શક્યા નહોતા, જેની હિંદને ન પુરાય તેવી ખોટ પડી, જે આજે પણ દૃષ્ટિગોચર થાય છે.

(આ લેખ તૈયાર કરવા માટે જરૂરી સંદર્ભપુસ્તકો મેળવી આપવા બદલ હું જૂનાગઢના અગ્રણી શ્રી સરમણભાઈ મારુનો હાર્દિક આભાર વ્યક્ત કરું છું.)

ઠે. 'માતૃદત્ત', પિપલિયાનગર, કેશોદ-૩૬૨૨૨૦

**સંદર્ભ-યાદી :**

(૧) નહેરુ કે સાથ તેરહ વર્ષ - એમ.ઓ.મથાઈ, પૃ. ૧૬૪-૬૫

(૨) ભારતીય સંવિધાન કા વિકાસ તથા રાષ્ટ્રિય આંદોલન - આર.સી.અગ્રવાલ, પૃ. ૪૧૩-૨૧

(૩) ભારતીય સંવિધાન કા ઇતિહાસ - નાગપાલ ઓ.પી, પૃ. ૩૩૨

(૪) GIORIOUS THOUGHT ON NEHRU - M.B.SEN, p. 64

(૫) FREEDOM STRUGGLE - B.C.TRIPATHI, p. 195

---

**(અનુસંધાન પાન ૨૧ નું ચાલુ)**

હજારો કિલોમીટર્સની પદયાત્રા કરનાર આ પ્રવાસી માટે એવું કહેવાય છે કે તે લગભગ પ્રથમ અંગ્રેજ હતો, જે પશ્ચિમ ભારતની ભૂમિ પર મૃત્યુ પામ્યો. કેટલાયે જાણીતા અને કેટલાય અજાણ પ્રવીસીઓ આ વિશ્વાસમાં પ્રવાસો ખેડે છે, પોતાના કડવા-મીઠા અનુભવો કહી લોકોને માહિતી આપે છે, કેટલીય સંસ્કૃતિઓના આદાન-પ્રદાનના સહભાગી બને છે. આવા યાત્રીઓ કે જે જીવનને માત્ર એક યાત્રા જ સમજે છે અને જીવન એ ખરેખર યાત્રા જ છે અને જીવનયાત્રા માનવીને ધર્મ, જ્ઞાતિ, ઊંચ-નીચ બધા વાડા ભુલાવી દઈ એક માત્ર વિશ્વબંધુત્વની ભાવના અને માનવધર્મનો જ ઉપદેશ આપે છે.

કેટલાંયે પ્રાચીન સ્મારકોની પાછળ આવો કંઈક ઇતિહાસ સંગ્રહાયેલો છે. સાંસ્કૃતિક વારસામાં આવાં સ્મારકો આજે પણ ટાઢ, તાપ, વર્ષા જેવાં તમામ પ્રાકૃતિક પરિબળોનો સામનો કરી આપણી સમક્ષ અડગ ઊભાં છે, જે ભૂતકાળના ઇતિહાસસમાં છે વર્તમાનના પથદર્શક અને ભાવીની પ્રેરણા.

**સંદર્ભ :**

૧. સૂરત સોનાની મૂરત., - ઈશ્વરલાલ ઇચ્છારામ દેસાઈ.

2. Bombay and Western India, James Douglas.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મ્યુઝિયમોની ઉપયોગિતા

શ્રી. નરેશ અંતાણી

આપણા પ્રાચીન સાંસ્કૃતિક કલાવારસાથી આજની પેઢી વિમુખ થતી હોય એવું લાગે છે ત્યારે બીજી બાજુ આપણા સમૃદ્ધ વારસાનાં જતન અને રક્ષણ માટેની કાળજી મ્યુઝિયમોમાં લેવામાં આવી રહેલ છે.

મ્યુઝિયમો હવે અજાયબઘર કે માત્ર સંગ્રહસ્થાન નથી રહ્યાં, કેળવણીના ક્ષેત્રમાં મ્યુઝિયમોનું પ્રદાન પ્રતિદિન વધી રહેલ છે. હવે મ્યુઝિયમ એ શાળાકીય ઉચ્ચ શિક્ષણ અને લોકશિક્ષણનું અસરકારક માધ્યમ બની રહેલ છે, એટલે જ મ્યુઝિયમો વધુ ને વધુ લોકાભિમુખ બને તથા લોકો અને મ્યુઝિયમ વચ્ચેનું તાદાત્મય ગાઢ બને એવા ઉદ્દેશથી આખા ભારતમાં દર વર્ષે જાન્યુઆરીની ૮ મી તારીખથી ૧૪ મી તારીખ સુધી 'અખિલ ભારતીય મ્યુઝિયમ સપ્તાહ' ઊજવવામાં આવે છે. આ દરમ્યાન અનેક લોકરુચિકર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે.

ભારતમાં મ્યુઝિયમપ્રવૃત્તિનું મંગલાચરણ ઈ.સ. ૧૮૧૪ માં થયું હતું. પ્રથમ કલકત્તાનું ઈન્ડિયન મ્યુઝિયમ સ્થપાયું અને ત્યારથી આજપર્યંત દેશમાં મ્યુઝિયમોની સ્થાપના થતી આવી છે. મ્યુઝિયમ એ શિક્ષણ અને સંસ્કારનું પ્રતીક મનાય છે એટલે જ વિશ્વમાં સૌથી વધુ મ્યુઝિયમ ધરાવતો દેશ ફ્રાંસ એ સૌથી વધુ સમૃદ્ધ અને સંસ્કારી દેશ છે. એ જ રીતે ભારતમાં પશ્ચિમ બંગાળ સૌથી વધુ મ્યુઝિયમો ધરાવે છે. બીજે નંબરે ગુજરાતનું સ્થાન છે, જે આપણા માટે ગૌરવપ્રદ હકીકત છે. ગુજરાતમાં સૌથી વધુ મ્યુઝિયમ અમદાવાદમાં છે. એ પછી વડોદરા અને પાંચ મ્યુઝિયમ ધરાવતા ભૂજ શહેરનો એ પછી ક્રમ આવે છે. રાજ્યનું સૌથી જૂનું મ્યુઝિયમ પણ ભૂજ શહેરમાં છે.

મ્યુઝિયમ એ પ્રવર્તમાન સમાજમાં લોકશિક્ષણનું એક અસરકારક માધ્યમ છે. રાષ્ટ્રનો ભવ્ય ભૂતકાળ અને યુગોની ઉત્તરોત્તર પ્રગતિનું જ્ઞાન પુસ્તકોમાંથી મળે એ કરતાં મ્યુઝિયમોમાં સવિશેષ રીતે જીવંત રૂપમાં મળે છે.

અગાઉ મ્યુઝિયમ એ શિક્ષિત અને ઉચ્ચ વર્ગના લોકો માટેનું જ જ્ઞાનપ્રાપ્તિનું સાધન બની રહેતું, પરંતુ હવે સમાજના તમામ વર્ગો માટે કલા વિજ્ઞાન ઈતિહાસ સંસ્કૃતિ પુરાવસ્તુ વગેરે જેવા અનેક વિષયોનું જ્ઞાન પ્રાપ્ત કરવા તથા એ અંગેના નમૂનાઓ પ્રત્યક્ષ જોવા-સમજવા માટેનું મ્યુઝિયમ માધ્યમ બન્યું છે. અહીં દરેક વિષયનું જ્ઞાન દસ્તાવેજી પુરાવાઓ સાથે મળે છે.

મ્યુઝિયમ એ જ્ઞાનપ્રાપ્તિનું એક એવું લોકભોગ્ય માધ્યમ છે કે જ્યાં કોઈ પણ જણ ઉંમર લાયકાત કે કોઈ અન્ય યોગ્યતાના બંધન વગર પ્રવેશી જ્ઞાન મેળવી શકે છે એટલે જ લોકશાહીમાં લોકોને કેળવવામાં મ્યુઝિયમનો ફાળો મહત્ત્વનો છે. વળી આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેક્નોલૉજીના ઝડપી વિકાસને કારણે વિશ્વ નાનું થતું જાય છે એવે સમયે લોકોને આપણા અને અન્ય દેશોના લોકોની પ્રગતિ સંસ્કૃતિ, એઓના વિકાસ, કલા અને વૈજ્ઞાનિક શોધો વગેરેની નોંધ અને વસ્તુઓની જાણકારી મેળવવી આવશ્યક છે, જે માટેનું મહત્ત્વનું માધ્યમ મ્યુઝિયમ છે.

અહીં વિવિધ સ્થળોમાંથી જુદી જુદી વસ્તુઓ મનોરંજન માટે, જ્ઞાન માટે, અભ્યાસ-સંશોધન માટે એકત્રિત કરી પ્રદર્શિત કરવામાં આવે છે. અહીં સંગ્રહવામાં આવતી વસ્તુ પ્રાચીન અર્વાચીન કુદરત-સર્જિત કે માનવસર્જિત કોઈ પણ પ્રકારની હોઈ શકે.હા, સંગ્રહ માટે વસ્તુ સ્વીકારવાના જરૂરી માપદંડ નક્કી કરવામાં આવતા હોય છે. સ્વીકારવામાં આવેલ વસ્તુ માનવીની જિજ્ઞાસાવૃત્તિને સતેજ કરતી હોય, કંઈ પ્રેરણા આપતી હોય કે માનસ પર ચિરસ્થાયી છાપ મૂકતી હોય, નવું શીખવતી હોય તેવી જ વસ્તુને પ્રદર્શનયોગ્ય લેખવામાં આવતી હોય છે.

આ રીતે લોકશિક્ષણમાં મ્યુઝિયમ મહત્ત્વનું સ્થાન ધરાવતું હોવાથી મ્યુઝિયમો પણ સુઆયોજિત હોવાં જોઈએ, કારણ કે એ કેળવણીનું સમર્થ સાધન ત્યારે જ બની શકે છે કે જ્યારે એમાં રહેલ સંગ્રહ ચક્ષુર્ગમ્ય હોય, કુશળતાપૂર્વક પ્રદર્શિત કરેલ હોય. વળી મ્યુઝિયમમાં કેળવણીવિષયક સંસ્થા તરીકેનું પોતાનું સ્થાન સિદ્ધ કરવા વિવિધ લોકને રુચિકર મ્યુઝિયમપ્રવૃત્તિ હાથ ધરાતી હોય.

મ્યુઝિયમો સતત કાર્યશીલ હોય છે, એનાં મુખ્ય પ્રવૃત્તિ અને કાર્યો' આ મુજબનાં છે : (૧) સંગ્રહ, (૨) જાળવણી, (૩) પ્રદર્શન, (૪) શિક્ષણ અને (૫) સંશોધન.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મ્યુઝિયમનું સૌથી મહત્ત્વનું કાર્ય સંગ્રહનું છે. માનવી પાસે ઘર મિલકત વગેરે હોવા છતાં એનાથી આગળ વધીને વિવિધ કલાકૃતિ, પુસ્તકો, જર-ઝવેરાત, સિક્કા અને અન્યાન્ય કલાત્મક વસ્તુઓ સંગ્રહવાનો શોખ ધરાવે છે. આવો સંગ્રહ વિપુલ પ્રમાણમાં એકઠો થઈ જાય ત્યારે એ માટે જગ્યા અને જાળવણીના અભાવે સંગ્રાહકને એ સંગ્રહ બોજારૂપ લાગે છે તો કેટલાકને પોતાની વસ્તુ અન્ય લોકો જુએ એવી ભાવના જાગે છે. આવાં જ કારણોસર મ્યુઝિયમો અસ્તિત્વમાં આવ્યાં છે એવું માની શકાય.

મ્યુઝિયમમાં સંગ્રહવામાં આવતી વસ્તુઓની ઓળખ અને નોંધણી અગત્યનાં કામ છે. મ્યુઝિયમમાં આવતી વસ્તુઓને ચોક્કસાઈપૂર્વક ગોઠવ્યા બાદ નોંધ માટેના મોટા ચોપડામાં એને નોંધવામાં આવે છે, જેમાં વસ્તુ વિશે સઘળી માહિતી નોંધવામાં આવે છે. એ ચોપડા ઉપરથી પ્રત્યેક નમૂનાની કાર્ડસૂચિ તૈયાર કરવામાં આવે છે. આ કાર્ડસૂચિ સંશોધકોને ખૂબ જ મદદરૂપ થાય છે.

વસ્તુના સંગ્રહ પછી એની જાળવણીનું કાર્ય એનાથી પણ વધુ મહત્ત્વનું છે, કારણ કે જાળવણીમાં બેદરકારી દાખવવામાં આવે તો વસ્તુ નષ્ટ થઈ જાય; પછી એની પુનઃપ્રાપ્તિ શક્ય બનતી નથી. નમૂનાને કુદરતી કે રાસાયણિક સડો, ફૂગ, જિવાત કે કુદરતી આફત સામે રક્ષણ આપવું અતિ જરૂરી હોય છે. આવી વસ્તુને નુકસાન થાય તો એને જરૂરી માવજત આપી સુધારવામાં આવે છે. આ માટેની પ્રયોગશાળાઓ મોટાં મ્યુઝિયમોમાં હોય છે. ગુજરાતમાં વડોદરા મ્યુઝિયમમાં આવી પ્રયોગશાળા છે.

સંગૃહીત વસ્તુનું યોગ્ય પ્રદર્શન એ મ્યુઝિયમ-પ્રવૃત્તિનું ત્રીજું મહત્ત્વનું કાર્ય છે. વસ્તુનું પ્રદર્શન એ રીતે કરવામાં આવે છે કે શિક્ષિત તથા અશિક્ષિત એમ બંને પ્રકારના મુલાકાતાતીઓ એને માણી સમજી શકે. વળી કોઈ વ્યક્તિ એ વસ્તુ નિહાળતી હોય ત્યારે અન્યની મદદ વિના સ્વતંત્ર રીતે એને માણી શકે એનો પણ ખ્યાલ રાખવામાં આવે છે.

મ્યુઝિયમમાં સંગ્રહને એ રીતે પ્રદર્શિત કરવામા આવે છે કે એમાં રહેલ નમૂના પ્રેક્ષકના મનમાં એક પ્રકારની પ્રેરણા જગાવે, એકદમ પોતા તરફ ખેંચે અને જકડી રાખે. આ માટે પ્રકાશ-વ્યવસ્થા પણ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. એની પ્રકાશ-વ્યવસ્થા પણ સુનિયોજિત રાખવામાં આવે છે, જેથી વધુ પડતા અને સતત પ્રકાશથી વસ્તુને અસર ન થાય તથા જોનાર વ્યક્તિને નડતર પણ ન થાય અને પ્રદર્શિત વસ્તુ બરાબર દેખાય.

મનોરંજન સાથે જ્ઞાન મેળવવાના મુખ્ય સ્રોત તરીકે મ્યુઝિયમની ગણના કરવામાં આવે છે. આમ શિક્ષણ એ પણ એની મુખ્ય પ્રવૃત્તિ છે. ઉપર જણાવેલાં એનાં ત્રણ મુખ્ય કાર્યોમાંથી જ શિક્ષણ આપવાનું કાર્ય ફલિત થાય છે. આજે શિક્ષણનો વ્યાપ વધ્યો છે ત્યારે માત્ર પ્રદર્શિત વસ્તુઓ દ્વારા આજ મ્યુઝિયમમાં શિક્ષણ આપવામાં નથી આવતું, પણ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા પણ શિક્ષણ ફેલાવવાનું કાર્ય કરવામાં આવે છે; જેમકે નિષ્ણાતોનાં વ્યાખ્યાન, સ્લાઈડ-શૉ, પ્રદર્શન, ફિલ્મ-શૉ, વીડિયો, વિવિધ શૈક્ષણિક સ્પર્ધાઓ, વિવિધ વાર્તાલાપ, એટલે કે મ્યુઝિયમના વિભાગો વિશે સંપૂર્ણ માર્ગદર્શન વગેરે જેવી પ્રવૃત્તિઓ દ્વારા લોકોના જ્ઞાનની વૃદ્ધિ કરવામાં આવે છે. હવે આધુનિક સમયમાં તો કેટલાંય મ્યુઝિયમોમાં ચિત્રશાળા સંગીતશાળા ઓડિયો-વિડિયો કેસેટ લાયબ્રેરી જેવી પ્રવૃત્તિઓ પણ હાથ ધરવામાં આવે છે, જે પણ શિક્ષણના ફેલાવાનું એક સુંદર માધ્યમ બની રહે છે.

મ્યુઝિયમમાં રહેલ વસ્તુઓનું યોગ્ય અર્થઘટન કરવા તથા એની પૂરતી સમજ મેળવવા એનું સંશોધન કરવું અને એ દ્વારા પ્રાપ્ત માહિતી લોકો સુધી પહોંચાડવી જરૂરી છે. આમ સંશોધન પણ મ્યુઝિયમપ્રવૃત્તિનું અગત્યનું અંગ છે.

સંશોધન, મ્યુઝિયમ પ્રવૃત્તિઓના પ્રચાર-પ્રસાર માટે પ્રકાશનો, વર્તમાનપત્રો, દૃશ્ય તથા શ્રાવ્ય માધ્યમોનો ઉપયોગ કરવામાં આવે છે. મ્યુઝિયમની માહિતીપત્રિકા-બુલેટિનો વગેરે પણ પ્રકાશિત કરવામાં આવે છે. મ્યુઝિયમોનું સંગઠન, "મ્યુઝિયમ એસોશિયેશન ઑફ ઈન્ડિયા" દ્વારા પણ વાર્ષિક અધિવેશન, જ્ઞાનસત્ર, સામયિક તથા અન્ય પ્રકાશનો દ્વારા મ્યુઝિયમ-પ્રવૃત્તિ તથા સંશોધનનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે, આ એસોશિયેશનના વાર્ષિક અધિવેશનમાં શોધપત્રોનાં વાચન-વિચારણા તથા મ્યુઝિયમપ્રવૃત્તિની ચર્ચા-વિચારણા થતી હોય છે, જેનું મુખ્ય મથક વારાણસીમાં છે.

આમ મ્યુઝિયમ પ્રાચીન કલા-સંસ્કૃતિના જતન સાથે આધુનિક યુગ સાથે કદમ મિલાવી શિક્ષણ ફેલાવવામાં અને પ્રવૃત્તિ દ્વારા પોતાનું યોગદાન આપે છે.

ઠે. ૩, નાગરવંડી, છઠ્ઠી બારી, ભૂજ (કચ્છ)- ૩૭૦૦૦૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "શ્રીમન્નથુરામ શર્મા" (૧૮૫૮-૧૯૩૧)

કોટેચા જયશ્રી એમ.

૧૯મી સદીનો ઉત્તરાર્ધ એક અર્થમાં ભારતીય નવજાગરણનો - રેનેસાંનો સમય હતો. અંગ્રેજી કેળવણી દ્વારા પાશ્ચાત્ય વિચારો અને સંસ્કારોનો પ્રભાવ આપણા દેશમાં છવાવા લાગ્યો તેનાથી પ્રભાવિત આપણા શિક્ષિતોએ સમાજ-ધર્મસુધારણાની ચળવળો ચલાવી, જેના પર પાશ્ચાત્ય વિચારો-સંસ્કારોની અસર ઘણી જોવા મળતી. આની સામે પ્રતિક્રિયારૂપે પુનરુત્થાનવાદી ચળવળ પણ ઊભી થઈ. બ્રહ્મોસમાજ, પ્રાર્થનાસમાજ, આર્યસમાજ, રામકૃષ્ણમિશન વગેરે ધાર્મિક આંદોલનોએ નૂતન ભારતના ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. તેનું સ્વરૂપ ગમે તે રહ્યું હોય, પણ 'ધર્મ' એ યુગનો એક વિશિષ્ટ સંદર્ભ રહ્યો. ધર્મ દ્વારા જગતના બધા વ્યવહારોનો ઉકેલ મળશે તેમ મનાતું હતું તેથી જે કોઈ સુધારકો-વિચારકો થયા તેમણે મુખ્ય ઓથ ધર્મની લીધી. બંગાળ મહારાષ્ટ્રની જેમ ગુજરાતમાં પણ આ ધર્મસુધારણાના બે પ્રવાહો હતા.

પહેલો પ્રવાહ પાશ્ચાત્ય કેળવણીથી પ્રભાવિત થયેલાઓનો હતો, હિંદુધર્મનાં દૂષણોથી અકળાયેલા અને આક્રમક વલણ ધરાવનારા સુધારકોનો હતો. બીજો પ્રવાહ પુનરુત્થાનવાદીઓનો હતો. પહેલા પ્રવાહના ગુજરાતના સુધારકો હતા દુર્ગારામ મહેતાજી, નર્મદ, મહીપતરામ રૂપરામ, કરશનદાસ મૂળજી વગેરે. તેઓના પર એલ્ફિન્સ્ટન કોલેજના શિક્ષણનો પ્રભાવ હતો, જ્યારે બીજા પ્રવાહમાં સંરક્ષણવાદી વલણ ઊભું થયું તેમાં પણ નર્મદ જોડાયા. તે ઉપરાંત મનસુખરામ સૂર્યરામ, નૃસિંહાચાર્ય, મણિલાલ નભુભાઈ દ્વિવેદી વગેરેએ સુધારણા સાથે આપણી પરંપરાને પણ જોડી. આ જ પ્રવાહના સૌરાષ્ટ્રના મહાપુરુષ એટલે "શ્રીમન્નથુરામ શર્મા" કહી શકાય.

શ્રી નથુરામ શર્માનો જન્મ સૌરાષ્ટ્રના લીંબડી તાબાના મોજીદડ ગામે ઈ.સ.૧૮૫૮ માં થયો હતો. તેઓ ઔદીચ્ય બ્રાહ્મણ જ્ઞાતિના હતા. તેમના પિતા રાવળ 'પીતાંબરજી' શિવભક્ત હતા. માતા 'નંદુબા' પણ સ્નેહભક્તિવાળાં હતાં. તેમની કુટુંબપરંપરામાં ધાર્મિક સંસ્કારો અને વૈરાગ્યભાવનાનાં દૃષ્ટાંતો જોવા મળે છે, કેમ કે પીતાંબર રાવળના કાકા વીરજી રાવળ તપસ્વી વૃત્તિનાં હતા. તે જ રીતે 'શ્રીમન્નથુરામ'ના કાકાના પૌત્ર 'મૂળશંકર' સ્વામિનારાયણ સંપ્રદાયમાં બ્રહ્મચારીની દીક્ષા લઈ 'મૂળી' મંદિરમાં રહ્યા હતા. આવી કુટુંબ-પરંપરાના વારસાએ નથુરામ શર્માના અધ્યાત્મવાદી જીવનઘડતરમાં ભાગ ભજવ્યો હોય તે શક્ય છે.

નથુરામ શર્માએ પ્રાથમિક શિક્ષણ (ધો.૫ સુધી) મોજીદડમાં અને ૬ ઠ્ઠા ધોરણનો અભ્યાસ ચૂડામાં કર્યો. ત્યાર પછી રાજકોટ ટ્રેનિંગ કોલેજમાં સીનિયર ટ્રેઈન્ડ થયા. આ પછી ૧૮૭૭માં સૌ પ્રથમ અડવાણા(તા. પોરબંદર)માં શિક્ષક તરીકે નોકરી સ્વીકારી. અહીં સાધુસત્સંગ પણ પ્રાપ્ત થયો. તેઓ કબીર-દાદુની વાણીથી પ્રભાવિત થયા......(૧)

અડવાણા પછી ૧૮૭૯ થી લીંબુડાની નિશાળમાં નિમાયા. તે સમયે નિશાળ અવ્યવસ્થિત હતી. એકલે હાથે પાંચ-છ વર્ગોને શિક્ષણ આપવાનું હતું. આ સંબંધે અહીંના જૂના વિદ્યાર્થી જેરામભાઈએ જણાવેલું કે "ગમે તેટલું નુકસાન થાય તોપણ સાચું જ બોલવું અને સાચું જ કરવું એવો તેઓ આગ્રહ રાખતા. વિદ્યાર્થીઓને ભણાવવામાં કે જુદે જુદે પ્રસંગે નીતિનો બોધ ચાલુ રહેતો. હિંદુ મુસલમાન બધા ઉપર સરખી પ્રીતિ રાખતા. સ્કૂલ-ટાઈમ સિવાયનો વખત સારાં સારાં પુસ્તકો વાંચવામાં, સત્સંગમાં કે ભજનમાં ગાળતા. પોતે કોઈ બાઈ માણસને અડતા નહિ અને પાંચ વર્ષથી મોટી બાઈને અડી જવાય તો ઉપવાસ કરતાં.......(૨)



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શિક્ષકના પોતાના ૧૨-૧૩ રૂ.ના ટૂંકા પગારમાંથી પણ પૈસા બચાવીને તેઓ ધર્મપુસ્તકો ખરીદતા. વિવિધ ધર્મોનાં પુસ્તકોનો અભ્યાસ કર્યો. શૈવ, વૈષ્ણવ તથા સ્વામિનારાયણ સંપ્રદાય ઉપરાંત કબીરપંથ, ઇસ્લામધર્મ, પારસીધર્મ તથા ખ્રિસ્તીધર્મનાં પુસ્તકો વાંચ્યાં. તે સાથે યોગ અને વેદાન્તગ્રંથોનું વાચન-મનન પણ કર્યું. તેના પરિણામસ્વરૂપે લીંબુડામાં તેમનું પ્રથમ પુસ્તક "સ્વાભાવિક ધર્મ" પ્રગટ થયું, જેમાં તેઓ નીતિ, વિવેક, વૈરાગ્ય, પ્રભુપ્રેમ, વિશુદ્ધભક્તિ, યોગ અને વેદાંતના રહસ્યને સ્વભાવિક ધર્મરૂપે સ્વીકારે છે. આમ બધા ધર્મોના અભ્યાસ પછી પણ તેમની રુચિ તેમ વલણ સનાતન ધર્મ પ્રત્યે જ રહ્યાં.

તેમની અધ્યાત્મપ્રવૃત્તિને કારણે નિશાળનું કામ ઉપરીઓને નબળું પડતું હોય તેમ લાગ્યું. શિક્ષારૂપે જાફરાબાદ બદલી કરવામાં આવી. નોકરીમાં ચિત્ત ન હોવાથી ૧૮૮૨માં રાજીનામું મૂક્યું. સ્નેહીઓના દબાણને કારણે ફરી ચાર્જ સંભાળ્યો. એક વર્ષ સુધી અહીં નોકરી કરી. આ સમયે અંતઃકરણમાં વૈરાગ્ય પ્રબળ બન્યું. "પરમપદબોધિની" નામે પુસ્તક લખ્યું.

૧૮૮૩માં કુટુંબીજનોએ તેમનાં લગ્ન ગોઠવ્યાં, પરંતુ તેઓ ગૃહસ્થજીવન ઇચ્છતા ન હોવાથી લગ્ન પહેલાં જ ઘર છોડી ચાલ્યા ગયા. ઘણું દેશાટન કર્યું. હિમાલયમાં ફર્યા. તે પછી સદ્ધર્મ નીતિ અને વ્યવહાર-ધર્મનો માર્ગ લોકોને દર્શાવવાનું કાર્ય ઉપાડ્યું. આ માટે તેમણે પ્રથમ પોરબંદરમાં ને પછી બીલખા, મોજીદડ, લીંબુડા, પ્રાંફા અને કરાંચીમાં આનંદાશ્રમોની સ્થાપના કરી અને ધાર્મિક જાગૃતિને વેગ આપવાનું કાર્ય આજીવન કર્યું. કરાંચી સિવાયના આનંદાશ્રમોમાં આજે પણ ધાર્મિક પ્રવૃત્તિઓ થાય છે. માંગરોળ-સોરઠના રાજ્ય-ખાતામાં પણ કેટલોક સમય રહ્યા હતા, જ્યાં એમના મહત્ત્વના શિષ્યો થયા હતા. છેવટે તેઓ બીલખામાં આનંદાશ્રમ સ્થાપી સ્થિર થયા હતા. (૩)

શ્રી નથ્થુરામ શર્મા આપણી આચાર્યપરંપરાનું પ્રતીક હતા. તેઓ સનાતન વૈદિક ધર્માનુસાર નિત્યનિયમોનું પાલન કરતા અને તેનો જ ઉપદેશ આપતા. આસન, પ્રાણાયામ, સંધ્યા, ધ્યાન વગેરેનો ઉપદેશ આપતા. તેમનાં પ્રવચનો ગંભીર છતાં સરળ ભાષામાં હતાં. તેઓએ નાનાં નાનાં ગામડાં તથા શહેરોમાં પ્રવાસ કરી વ્યાખ્યાનો આપ્યાં, પરંતુ સૌથી વધુ નોંધપાત્ર તેમની લેખન અને પ્રકાશન પ્રવૃત્તિ હતી. સંસ્કૃત ભાષાના ઉત્તમ ગ્રંથોમાં રહેલું તત્ત્વજ્ઞાન સાદી અને સરળ ગુજરાતી ભાષામાં ઉતારવાનું ઘણું શ્રેય તેમને ફાળે જાય છે. કર્મ ઉપાસના જ્ઞાન અને યોગના વિષયો પર તેમણે ઘણાં પુસ્તકો લખ્યાં. "પ્રસ્થાનત્રયીની ટીકા" "વિચારસાગરનો પદ્વવિભાગ" "પંચદશી" અને "મહર્ષિ પતંજલિનું યોગદર્શન" તેમજ કપિલ મુનિનું "સાંખ્યદર્શન" વગેરે ગ્રંથો પર ગુજરાતી ભાષામાં ટીકાઓ લખીને તેમણે ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરી છે. તે ઉપરાંત 'ઉપદેશગ્રંથાવલી' 'અંતર્યામીના આદેશો' 'યોગકૌસ્તુભ' 'યોગપ્રભાકર', 'પરમપદબોધિની' 'વિવેકભાસ્કર' વગેરે ગ્રંથો તેમણે રચ્યા, જેમાં વ્યવહારશુદ્ધિ અને અધ્યાત્મસાધનાનું માર્ગદર્શન છે. આ ઉપરાંત તેમનાં પત્રો અને વ્યાખ્યાનોના સંગ્રહો પણ પુસ્તક-આકારે પ્રગટ થયા છે. તેઓએ સ્વાધ્યાય દ્વારા સંસ્કૃત, મરાઠી, હિંદી, ઉર્દૂ અને અંગ્રેજી ભાષાનો પણ અભ્યાસ કર્યો હતો.

તેઓશ્રીનું દૈનિક જીવન અતિ સૂક્ષ્મ નિયમિતતાવાળું અને ઉપકારક કાર્યક્રમોથી ભરપૂર રહેતું. આશ્રમની વ્યવસ્થાશીલતા અને સ્વચ્છતા આદર્શરૂપ હતી. સૌરાષ્ટ્રમાં તેમના અનેક અનુયાયીઓ બન્યા, જેમાં ગાંધીજીના મોટા ભાઈ 'લક્ષ્મીચંદભાઈ'નો પણ સમાવેશ થતો હતો. સૌરાષ્ટ્રમાં બુનિયાદી શિક્ષણનો પાયો નાખનાર 'નાનાભાઈ ભટ્ટ' પણ શરૂઆતમાં તેમના ચુસ્ત અનુયાયી હતા. શ્રીમન્‌ની પ્રેરણાથી નાનાભાઈએ ભાવનગરમાં દક્ષિણામૂર્તિ વિદ્યાભવનની સ્થાપના કરી હતી. પાછળથી નાનાભાઈ ગાંધીજીના પ્રભાવ નીચે આવ્યા તેના કારણે સંસ્થામાં હરિજનપ્રવેશ અંગે વિચારભેદ થયો. શ્રીનથુરામ શર્મા વર્ણાશ્રમ અને તે સંબંધી વિચારસરણીને વળગી રહેનારા હતા. તે સમયે એવું સમાધાન થયેલું કે શાળામાં હરિજનોને



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રવેશ આપવો, પણ છાત્રાલયના રસોડે હરિજનો એક પંક્તિએ બેસીને જમી ન શકે......(૪)

આ દષ્ટિએ શ્રીમન્ નવા જમાનાના હોવા છતાં ક્રાંતિકારી સામાજિક ફેરફારો સ્વીકારતા ન હતા. શિક્ષણ, સંસ્કાર, ધર્મ, સમાજ વગેરે સંબંધી તેમની વિચારસરણી પરંપરાવાદી હતી., બ્રહ્મસમાજ-પ્રાર્થનાસમાજ જેવા સુધારાવાદી સામે તેમને વિરોધ હતો. તેમણે રચેલા 'મનુષ્ય મિત્ર'નામના પુસ્તકમાં પ્રજાની દુર્દશા વર્ણવતા લખ્યું છે.

"વર્ણ અને આશ્રમ તણા, ડૂબ્યા ધર્મો સાર.
આર્ય અનાર્યો સમ થયા, ત્યજી દઈ આચાર."

તેઓ માનતા કે ભરતખંડમાં જન્મ થવો એ ઘણાં સુકૃતોનું ફળ છે. તેમાં પણ ત્રૈવર્ણિક (બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય) જન્મ પ્રાપ્ત થવો એ અતિ દુર્લભ છે. ..........(૫)

શ્રી નાનાભાઈ ભટ્ટ તેમના અંગે નોંધે છે કે "મહારાજશ્રી ઘણી રીતે નવા જમાનાના હોવા છતાં એમના હાડથી જૂના યુગના હતા. બધા ધર્મો તરફ ઉદારભાવ, આધુનિક વિજ્ઞાનના વિષયોનું જ્ઞાન, અભણ અને અજડ એવા ભક્તોની નાડ પારખવાની કળા, સૌ સમજી શકે તેવી ભાષામાં ઉપદેશ આપવાની રીત, અસાધારણ નિયમિતિપણું, સ્વચ્છતા, વ્યવસ્થા આ બધી વસ્તુઓ એમને નવા યુગના આચાર્ય તરીકે સ્થાન અપાવે તેવી છે.........(૬) પરંતુ એ સાથે નીચલા વર્ગ કે છેવાડાના માનવી અંગેના પરંપરાગત દષ્ટિકોણને કારણે તેઓ નવા વર્ગના આચાર્ય એટલે અંશે ન ગણાય.

આમ છતાં નાનાભાઈ નોંધે છે કે "તેમનો શિષ્યસમુદાય ઘણો મોટો હતો. કાઠિયાવાડની રેલવેના માણસો તથા મહેતાજીઓને સન્માર્ગે દોરવામાં તેમનો ઘણો મોટો ફાળો છે.

આમ શ્રીમન્નથુરામ શર્મા "મહેતાજીમાંથી મહાત્મા" "ધર્મસંશોધકમાંથી ધર્મસ્થાપક" અને "નથુરામ શર્મા" માંથી "નાથપ્રભુ" – "શ્રીમન્નાથ યોગેશ્વર" થયા. કોઈ પણ નવું ધર્મઆંદોલન કે ધાર્મિક નેતા તે સમયની પરિસ્થિતિની માંગ હોય છે. સૌરાષ્ટ્રમાં ૧૯મી સદીના ઉત્તરાર્ધમાં રાજકીય ક્ષેત્રે દેશી-રાજ્યોની વિવિધ અને આપખુદી-ભરેલી વ્યવસ્થા હતી. સામાજિક ધાર્મિક ક્ષેત્રે બે પ્રવાહો વહેતા હતા : એક તરફ શિક્ષિતો ઉપર પશ્ચાત્ય શિક્ષણ અને ખ્રિસ્તીધર્મનો પ્રભાવ હતો. 'શ્રીમન્નથુરામ શર્મા'ના સમકાલીન કવિ 'કાન્તે' ખ્રિસ્તીધર્મ અપનાવ્યો હતો તો બીજી બાજુ આમ જનતાના શ્રમિક વર્ગમાં સ્વામિનારાયણ સંપ્રદાયની અસર હતી. આ સંપ્રદાય પણ પરંપરાવાદી હોવા છતાં કેટલેક અંશે સુધારાવાદી પણ હતો. આ સંયોગોમાં શિક્ષિત અને ઉપલા વર્ગોને સનાતમ ધર્મ પ્રત્યે અભિમુખ કરવાનું કામ 'શ્રીનથુરામ શર્મા'એ કર્યું. પરંપરા અને પ્રગતિ એ બન્ને પરિબળો તેમની પ્રવૃત્તિમાં જોઈ શકાય છે.

**સંદર્ભો :**

(૧) ચંદારાણા માણેકલાલ, 'શ્રી નાથચરિતામૃત', પૃ. ૨૯, ૧૯૬૨.
(૨) એજન, પૃ. ૪૦-૪૧.
(૩) શ્રીનાથશતાબ્દી મહોત્સવ સમિતિ "શ્રીમન્નથુરામ શર્મા આચાર્યજી", પૃ. ૧૧, ૧૯૫૮.
(૪) નાનાભાઈ ભટ્ટ, ઘડતર અને ચણતર, સર્વોદય સહકારી પ્રકાશક સંઘ આંબલા, પૃ. ૧૬૭, ૧૯૫૯.
(૫) ચંદારાણા માણેકલાલ, ઉપર્યુક્ત, પૃ. ૨૩૧, ૭૬.
(૬) નાનાભાઈ ભટ્ટ, ઉપર્યુક્ત, પૃ. ૭૯-૮૦.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અંગ્રેજ મુસાફર ટોમ કોરિયેટની ઐતિહાસિક નોંધો

શ્રી. માનવ વર્મા

વાત છે પ્રવાસીઓની, યાત્રાળુંઓની, જે મોટા મોટા પ્રવાસો ખેડે છે, યાત્રા કરે છે, હજારો માઈલોની અગણિત કિલોમીટર્સની પાયા કરે છે અને વિવિધ દેશો તેમજ દુનિયાને નિહાળે છે, પોતાના સારા નરસા અનુભવોને નોંધરૂપે લોકો સમક્ષ મૂકે છે. આ લોકો વિશ્વના વિસ્તૃત ફલકને નાનું બનાવે છે અને લોકહૃદયના નાના ફલકને વિશાળ............

મેગસ્થનિશ, યુઅનશ્વાંગ, ફાહિયાન તેમજ રાહુલ સાંકૃત્યાયનને પણ આ પ્રકારના પ્રવાસીઓ કહી શકાય, જેમણે મહદ્ અંશે સંસ્કૃતિના વાહકોનું કાર્ય કર્યું હતું.

ટોમ કોરિયેટ આવો જ એક મસ્ત અંગ્રેજ ફકીર હતો, જે ઈ.સ.૧૬૧૫માં કેલેથી ૩૦૦૦ માઈલ જમીન-માર્ગે ચાલીને હિંદ આવ્યો હતો. ઈ.સ.૧૬૧૭ના ડિસેમ્બર માસમાં તે સુરત આવ્યો હોવાનું મનાય છે. તે અજમેરથી સુરત સુધી પણ ચાલીને જ આવ્યો હતો. અજમેરમાં એણે હિંદી અને ફારસી ભાષાનું જ્ઞાન લીધું હતું તેમ કહેવાય છે. સર ટોમસ રોએ એને બાદશાહ જહાંગીર સાથે મેળવ્યો હતો. ઈ.સ. ૧૬૧૭માં એ સુરત આવ્યો હતો. કહેવાય છે કે આ મસ્ત ફકીર ખ્રિસ્તી ધર્મનો ઉપદેશ પણ કરતો. સુરતમાં એક દિવસ વધુ પડતો દારૂ પિવાઈ જતાં તે મૃત્યુ પામ્યાનું મનાય છે.

ઈ.સ.૧૬૧૭ના ડિસેમ્બર માસમાં તેણે દિલ્હી ગેટ તરફથી સુરતમાં પ્રવેશ કર્યો હતો. તે ઘણી વખત મુસ્લિમ ફકીર જેવો પોશાક પહેરતો. જ્યારે તે અજમેર સુધી પગપાળો ચાલીને આવ્યો ત્યારે અત્યંત દમના કારણે તેમજ સાથોસાથ મરડાથી પણ પીડાતો હોવાના કારણે કમ્મરેથી વળી ગયો હતો.

૧૭મી સદીના સુરતના પણ તત્કાલીન સાહિત્યમાં ઘણાં ઉલ્લેખો મળે છે તે મુજબ હિન્દુ, મુસ્લિમ, પારસી, ઇસાઈ અને ડચ લોકોથી ઊભરાતા આ શહેરમાં તે બધા વચ્ચે માર્ગ કરતો આ ફકીર અંગ્રેજ ફેક્ટરી સુધી પહોંચી ગયો. તે વિદેશીઓમાં ખ્યાતિ પામેલો હતો જ તેથી લોકોને તેને ઓળખતાં વાર ન લાગી. થોડાક જ પરિચયમાં લોકો તેને ઓળખી ગયા. પોણા ચારસો વર્ષ અગાઉના સુરતની કલ્પના કરવા જેવી છે અને હકીકત જોઈએ તો સુરતમા આજની જેમ ઊંચી અને કિંમતી ઇમારતો ન હતી. નાનાં ઘરો, નાનાં બજારો. અલબત્ત આજના પ્રમાણમાં થોડાંક બાર, પરંતુ થોડાક ફેરફાર સિવાય જોઈએ તો માનવસ્વભાવ યુગે યુગે લગભગ એકસરખો હોય છે. સુરતના લોકો તે વખતે પણ મહેમાનગતીમાં પાવરધા હતા, જો કે હેરાનગતી પણ તે સમયે હતી જ, પરંતુ જેને યાત્રા કરવી જ છે તેને મન આવી બધી બાબતો તો સાવ સામાન્ય હોય.

આ અજનબી ફકીર કેટલાક અજાણ્યા લોકોમાં બેઠો અને જેવો માદક પીણાનો પ્યાલો ફેરવવામાં આવ્યો કે ટોમની જીભ ઢીલી થવા માંડી અને આ મહાન વાતોડિયાએ યુરોપ તેમજ એશિયાના પોતાના પ્રવાસોનાં જોખમ, કડવા મીઠા અનુભવો વગેરેની વાતો બધાંને કરી. તેના સ્કન્દેહુન, બેઇલન, અલેપ્પો, યુક્ટસ, મોગુલ, તાઈગ્રીસ, બગદાદ, બેબિલોનનાં મેદાનો વગેરેના પગપાળા પ્રવાસોની વાતો લોકોએ એકી શ્વાસે સાંભળી. બધે જ પગપાળા ફરતો આ પ્રવાસી ઘોડા અને ઘોડેસવારને ધિક્કારતો, ઇસ્ફાન, શીરાઝ, કન્દહાર, મુલ્તાન, લાહોર, આગ્રા અને અજમેર તેની પદયાત્રાનાં સીમાચિહ્નો ગણી શકાય.

આ મહાન પ્રવાસીની પદયાત્રાનાં સ્થળોની નામાવલીથી જ આપણને આશ્ચર્ય થાય કે કેટલું ફર્યો આ મુસાફર ! ઈફેસસ, ટ્રોય, જેરુસાલેમ અને દમાસ્કસ, કેરો અને કોન્સેન્ટટિનોપલના દરવેશો એણે જોયા હતા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓલિવ્ઝના ડુંગરાઓ પર તેણે પ્રાર્થનાઓ કરી હતી. મૃત દરિયામાં તે પોતે ઝબોળાયો હતો. સુમેરિયાના પ્રખ્યાત કૂવામાં તેણે પોતાની તરસ બુઝાવી હતી.

સુરત જેવા શહેરમાં એણે જે કંઈ થોડા દિવસો કે રાત્રિઓ પસાર કરી તે ખૂબ રંગીન અને રસપ્રદ હતી. અહીંની રાત્રિઓ તે સમયે અમૃતની મનાતી. અહીં તે સમયે લોકો ખુબ દારૂ પીતા. કોઈ જ રોકટોક હતી નહિ. આ કાર્યમાં લોકો એટલા બધા રચ્યા પચ્યા રહેતા કે ઘડિયાળનું કે કાંટાનું પણ ધ્યાન રહેતુ નહિ. કોઈ જ તેમના માર્ગમાં અવરોધક ન હતુ. સારા પ્રસંગો પણ ખાણીપીણીથી ઊજવાતા અને આવા લોકો ખાસ છૂટછાટથી પીતા. જીવનમાં અનેક યાતનાઓ ભોગવી પ્રવાસ કરતા. ટોમ કોરિયેટની કીર્તિ એક બાજુ છે, જ્યારે બીજી બાજુ બાદશાહ જહાંગીર અટારીમાં ઊભો રહી લોકોમાં સિક્કાઓ ઉછાળતો તે દશ્ય પણ સુરત માટે ઓછું ઊતરતું નથી.

તે દારૂનો શોખીન હતો. આ વાત માટે તેના કેટલાક પ્રસંગો જોઈ જવા જરૂરી છે. શિયાળાની એક રાતે શરીર ધ્રુજાવી દેનારી કાતિલ ઠંડી પડી રહી હતી. રાજપીપળાની ડુંગરમાળા તરફથી ઠંડો ધ્રુજાવી દેનાર પવન ફૂંકાઈ રહ્યો હતો. આ સમયે કંપનીનો કોઈ કર્મચારી કદાચ દયા ભાવે જ ટોમને પૂછી બેઠો કે તું દારૂ પીઇશ ? અને દારૂનું નામ સાંભળીને ટોમ તરત જ ઊછળી પડ્યો અને તરત જ દારૂ દારૂ કરતાં તેણે ઉમેર્યું કે હું વિનંતિ કરું છું કે દારૂ જેવી કોઈ ચીજ હોય તો જલ્દી લાવો.

ટોમ કોરિયેટ પગપાળો અહીં સુધી પહોંચ્યો તે પહેલાં બ્રેડસ્ટ્રીટનાં ગરમ મસાલેદાર પીણાંઓની લિજ્જત એનો સ્વાદ એ એકદમ તાજો થયો હોય કે ગમે તેમ પણ દારૂના નામની ટોમ પર કોઈ ચમત્કારિક અસર થઈ. તે જ વર્ષે મરી મસાલા અને અન્ય સામાન ભરેલાં કેટલાંક વહાણો સુંવાળી માટે લાંગર્યા હતાં. ત્યાંથી જ દારૂ પિવાતો પણ. ટોપ કોરિયેટ જ્યારે અજમેરથી અહીં આવ્યો અને ફરી તેનો અઠવાડિયાનો પ્રવાસ શરૂ થવાનો હતો ત્યારે જ તેણે વિચારેલું કે આ મુસાફરીમાં જ પોતે મરણ પામશે, કારણ કે પોતે ભયંકર અતિસારના રોગથી પીડાઈ રહ્યો હતો યા કહો કે ક્રમશઃ તે મૃત્યુ તરફ ધકેલાઈ રહ્યો હતો.

આ સમય સુરત માટે ખૂબ કપરો હતો, કારણ કે પ્લેગના પંજાએ સમગ્ર શહેરને ભરડો લઈ લીધો હતો. લોકો માખીઓની જેમ ઢંગલાબંધ મરી રહ્યાં હતાં. તે જ અરસામાં ટોમ એક અઠંગ યાત્રી તેના જીવરહિત શરીર સાથે કાયમ માટે સૂઈ ગયો.

ટોમ તેની પાછળ કોઈ પૈસા કે મિલકત મૂકી નથી ગયો, સિવાય કે તેનાં પગરખાંની એક જોડ કે જે ઘણાં સમય સુધી ઓડકોમ્બ ચર્ચમાં ટીંગાડી રાખવામાં આવેલી. જ્યારે તે ગુજરી ગયો તે સમયે પ્લેગ ચાલતો હોવાના કારણે તેનાં કાગળો, લખાણ, કપડાં વગેરે લગભગ બાળી નખાયા હશે એટલે તેમાંનું કાંઈ જ મળતું નથી, પરંતુ તેનાં કરેલાં કામોના લખાણની એક નકલ કે જે એણે પ્રિન્સ હેન્રીને ભેટ આપેલી તે બ્રિટિશ મ્યુઝિયમની ગ્રીન વિલા લાઇબ્રેરીમાં જોવા મળેલી.

ટોમ કોરિયેટ રાણી એલિઝાબેથને પણ મળ્યો હશે એમ કહેવાય છે અને તેના શાસનકાળ દરમ્યાન રેલ્હન, કોટોન, એવમેન જેવા અન્ય મહાનુભાવોને અને સર ટોમસરોને પણ મળ્યો હતો. શેક્સપિયરના સમકાલીન, ઇંગ્લેંડના રાજકુમારોનો સાથી એક ફકીર વેશે સુરત આવ્યો અને અહીંના એક અંધારિયા ઓરડામાં પોતાની જાતને મૃત્યુને શરણે ધકેલી દીધી. આ તે સમયનો કદાચ એક ભારે ધરખમ બનાવ કહી શકાય.

ઈ.સ. ૧૫૭૭માં ટોમનો જન્મ ઓડકોમ્બના સમરગેટ શાયરના એક ગ્રામીણને ત્યાં થયો હતો. ટોમ પહેલાં વેસ્ટ મિન્સ્ટરમાં ભણ્યો અને ત્યારબાદ ઓક્સ્ફર્ડ યુનિવર્સિટીમાં. બહારના દેશો જોવા જર્મની-ઈટાલી થઈ ૨૦૦૦ માઈલનો પગપાળા પ્રવાસ કરવો એ ટોમની મહત્ત્વાકાંક્ષા હતી. આ પૈકી કેટલાક પ્રવાસો તેણે ખેડ્યા, જેના પરિપાકરૂપે એક પુસ્તક આકાર લઈ શક્યું, જેનું નામ છે. Coryats Crudities ("કોરિયેટની અણઘડતા").



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કેટલાક તેને મશ્કરો, કેટલાક તેને એવો માણસ માને છે કે તેણે પોતાની જાતને હાસ્યાસ્પદ બનાવી દીધી હતી, છતાં તેના પ્રવાસોમાં તે કોઈ જગ્યાએ હોય એવો લાગતો નથી. રેવરન્ડ મિસ્ટર ટેરી કે જે ટોમ કોરિયેટના રૂમ-પાર્ટનર હતા અને અજમેરમાં તેની સાથે રહ્યા પણ હતા, તેમનાં કેટલાંક વિધાનો આ વાતને સમર્થન આપે છે. રેવરન્ડ મિસ્ટર ટેરીએ કહ્યું છે કે "તે જે કંઈ પણ જોતો તે જ વિશ્વસનીય રીતે વર્ણવતો".

ઇસ્ફાન અને લાહોરના ટોમના પ્રવાસ દરમ્યાન રસ્તામાં તે પર્શિયન રાજદૂત સર રોબર્ટ શાયલેને પણ મળ્યો હતો અને તેણે લખાણોની બે પ્રતો મખમલમાં બાંધેલી તેમને સુપ્રત કરી હતી. યુલિસિસની જેમ તેને તો દશ વર્ષ પ્રવાસો કરવા હતા, પરંતુ તે પૈકીનાં માત્ર પાંચ વર્ષ જ પૂરાં કરી શક્યો. કેટલાક તેના હેતુઓ બરાબર અને ઉમદા હતા, પરંતુ તેણે જહાંગીરને પોતાની ઈચ્છા દર્શાવી કે મારી સમરકંદ થઈ ટેમરલેનની કબર જોવાની મહત્ત્વાકાંક્ષા છે. લાગવામાં આ કંઈ વધુ પડતું લાગે, પરંતુ ખરી વસ્તુ એ એની પ્રવાસની જ તરસ હતી, જે કોઈ દિવસ તૃપ્ત ન થઈ. જેમ જેમ તે એની પૂર્તિ કરતો ગયો તેમ તેમ તે વધતી જ ગઈ. એટલે સુધી કે ચીનની મોટી દીવાલ પણ તેને રોકી શકત નહિ.

પૈસાની અછત, સૂર્યનો ધગધગતો તાપ, વરસાદ, રણની ઊડતી ગરમ રેતી, શિયાળાની ઠંડીની ધ્રુજારી એ કોઈ બાબત ટોમના પ્રવાસને મર્યાદિત કરી શકી નહિ, બલ્કે એનાથી વિપરીત કોઈ જાદુઈ રીતે તે બધે પહોંચી વળતો. રાત્રે તે નિરાંતે સૂઈ શકતો, કારણ કે ચોરી શકે તેવી કોઈ અસ્કયામત તેની પાસે હતી નહિ.

માનવીના જીવનની આશાઓ, આકાંક્ષાઓ, તેનાં આયોજનો, તેને ભોગવવી પડતી યાતનાઓ આ બધી બાબતો દરેકને વ્યક્તિગત પણ હોય છે જ છતાં પોતાના ઉપર વીતતા સંજોગોએ ગજ જેવા અને બીજા પર વ્યતીત થતી બાબતો રજ જેવી લાગે એ માનવસ્વભાવ છે. આ બધી જ વાતો ટોમ પર વીતી. લોકોએ એને વિચિત્ર સ્વભાવનો પણ કહ્યો. તેની ટીખળો પણ ઊંડી હશે, પરંતુ જે કંઈક પણ એના પર વીત્યું એ તેણે સહજ ભાવે સ્વીકારી લીધુ તે માટે કદી કોઈ ફરિયાદ ન હતી.

ટોમ સુરતમાં ઈ.સ. ૧૬૧૭માં આકસ્મિક મૃત્યુ પામ્યો. અરબીસમુદ્ર કે સુંવાળી રોડ પરના ઇંગ્લિશ ચર્ચયાર્ડમાં દેખાતી કબર જ્યારે પણ નજરે પડે છે ત્યારે ટોમ કોરિયેટ અચૂક યાદ આવે છે. તેને કેટલાકે શક્તિશાળી માનસ ધરાવતો હોવા છતાં, ખામી ભરેલી, મુન્સફીપૂર્વક બડાઈ હાંકવી, ખાનગી વાતો કહી નાખવી એવા દુર્ગુણોયુક્ત ખૂબ જ વાતોડિયા તરીકે પણ નવાજ્યો છે.

ટોમની વાતો અને તેના પ્રવાસનું બેન જોન્સને એક સુંદર શબ્દચિત્ર દોર્યું છે, જે કંઈક આ પ્રમાણે છે : " તે કોઈ પણ ટોળીમાં જીભના મેજર તરીકે કામ કરતો. તેને શબ્દોનો સુથાર પણ કહી શકાય".ગમે તેમ પરંતુ ટોમ જો સામાન્ય માનવીમાં ફર્યો હોત, સામાન્ય વાચક સમક્ષ તેના વિચારો રજૂ થઈ શક્યા હોત તો કદાચ ટોમ માટેનું ચિત્ર કંઈક જુદું હોત, પરંતુ તે માત્ર મોટી મોટી હસ્તીઓની આકાશગંગામાં વિચરનારા અને આકાશમાં ઝબકી જઈ આકસ્મિક ખરી અદૃશ્ય થઈ જનાર તારા જેવો હતો.

કોરિયેટ શેક્સપિયરનો સમકાલીન હતો. ટોમનો જન્મ ઈ.સ. ૧૫૭૭માં થયો હતો, જ્યારે શેક્સપિયરનો જન્મ ઈ.સ. ૧૫૬૪માં. ટોમ કોરિયેટ અને શેક્સપિયર બન્નેને ઓક્સફર્ડ યુનિવર્સિટી સાથે નાતો હતો. ટોમ બેન જોન્સન અને યુટોન બેઉને ઓળખતો હતો અને શેક્સપિયરનો આ બેઉ હસ્તીઓ સાથે ઘરોબો હતો. જર્મન આલોચકો મુજબ ઈ.સ. ૧૬૦૮ના અરસામાં શેક્સપિયરનાં નાટકોના જર્મનીમાં અનુવાદ થતા અને તખ્તા પર ભજવાતાં. ટોમે પણ જર્મનીના થિયેટરની રચના, તેનાં બાંધકામનાં અને તેની સ્ત્રી પાત્રોના તખ્તા પર કામ કરવાનાં વર્ણનો કર્યાં છે. તે આ અરસામાં જર્મનીમાં પ્રવાસમાં પણ હતો તેમ છતાં ખૂબ જ આશ્ચર્યની વાત એ છે કે કોઈ પણ જગ્યાએ ક્યાંય પણ ટોમે શેક્સપિયરનો કે શેક્સપિયરે ટોમનો જરા જેટલો પણ ઉલ્લેખ કર્યો નથી.

(અનુસંધાન પાન ૧૩ નીચે ચાલુ)



For Private and Personal Use Only

# અમદાવાદના સેંટ જ્યોર્જ ચર્ચના ત્રણ અપ્રગટ અભિલેખો

ડૉ. થોમસ પરમાર અને ડૉ. રશ્મિ ઓઝા

અમદાવાદના કેન્ટોન્મેન્ટ વિસ્તારના શ્રીહનુમાનજી મંદિરની નજીક સેંટ જ્યોર્જનું ચર્ચ આવેલું છે. અમદાવાદના આ વિસ્તારના ખ્રિસ્તી લોકોની જરૂરિયાતને અનુલક્ષીને આ વિસ્તારમાં આ ચર્ચ ઈ.સ. ૧૮૮૧માં બાંધવામાં આવ્યું હતું. આ દેવળ આજે પણ તેના મૂળ સ્વરૂપે ઊભું છે. અમદાવાદમાં બ્રિટિશકાલ દરમ્યાન બંધાયેલા સ્થાપત્યમાં આ ચર્ચ નોંધપાત્ર સ્થાપત્યકીય સ્મારક છે.[1] આ ચર્ચમાં કુલ ૧૧ અભિલેખો આપેલા છે. આ બધા જ અભિલેખો અંગ્રેજી ભાષા અને રોમન લિપિમાં લખાયા છે આમાંના ચાર અભિલેખો પથ્થર પર કોતરેલા છે, જ્યારે બાકીના પિત્તળની તકતી પર કોતરેલા છે. આમાનાં નવ અભિલેખો સ્મૃતિલેખો પ્રકારના છે, બાકીના બે અનુક્રમે ચર્ચનાં ખાતમુહૂર્ત અને પ્રતિષ્ઠાવિધિ અંગેના છે. આમાંના આઠ લેખો પ્રસિદ્ધ થઈ ચૂક્યા છે[2] જ્યારે બાકીના ત્રણ લેખોનો અભ્યાસ અહીં પ્રસ્તુત છે.

૧. દેવળના ઓલ્ટારની પાછળની લાકડાની સુશોભિત દીવાલ પર, સેક્રોમેન્ટની બરાબર પાછળ પિત્તળની લંબચોરસ તકતી 48 cm X 8 cm. પ્રમાણે છે :

In memory of
Sextus. Loward. Philipotts. 9.5
Juwce. of. Ahmedabad
Died. 17th August. 1883.

સેક્સ્ટસ લૉવર્ડ ફિલિપોટ્સ ૨૭ મી ઑગસ્ટ, ૧૮૮૩ના રોજ મૃત્યુ પામ્યા હતા તેની સ્મૃતિમાં આ તકતી લગાવવામાં આવી છે. આમ પ્રથમ બે પંક્તિના અક્ષરોનું કદ ૨cm નું છે અને છેલ્લી બે પંક્તિના અક્ષરો 1cm. ના છે.

૨. દેવળના ઓલ્ટારની જમણી બાજુની દીવાલ પર પિત્તળની તકતી 91.5 cm. x 51 cm. માપની છે અને લખાણવાળો ભાગ 68 cm x 38 cm. છે. તકતી ઉપરથી કમાન આકારની છે. તેની બંને બાજુએ શિરાવટી અને કુંભી સાથેના બે સ્તંભ છે. આ બંને સ્તંભની ઉપર કમાનાકાર બૉર્ડર કરેલી છે. તકતીની નીચે પણ ત્રિદલ પાંખડીની પંક્તિ વડે સુશોભન કરેલું છે. લેખમાં કુલ ૨૦ પંક્તિઓ છે. ૨૦ મી પંક્તિમાં લેખ તૈયાર કરનાર કંપનીનું નામ દર્શાવેલું છે. લેખનો પાઠ નીચે પ્રમાણે છે :

In Memory of
The n.a. Officers & men
Of The 1 SG BATTERY R.F.A
WHO DIED WHILE THE BATTERY
WAS STATIONED AT AHMEDABAD

| | | | | | |
|---|---|---|---|---|---|
| No. | 73586 | Dr. | W. Fenkins. | DIED | 7-4-1901 |
| | 9754 | Br | W. Keynes | ,, | 18-4-1901 |
| | 76586 | SGT | W. Porter | ,, | 4-8-1901 |
| | 6396 | Br. | H> Costiff | ,, | 9-6-1901 |
| | 841 | CPL | K.W. Forwell | ,, | 17-11-1901 |
| | 6543 | Br | P.M.C. Brath | ,, | 14-12-1901 |
| | 10247 | Dr | J. Bickwell | ,, | 30-12-1901 |



For Private and Personal Use Only

| | | | |
|---|---|---|---|
| 97448 | Br | W. Kempton ,, | 31-12-1901 |
| 74910 | Dr | J.Goose | 13-1-1902 |
| 5930 | Br | J.Dutty | 9-2-1902 |
| 4866 | SGT | O.Marshall | 12-3-1902 |
| 96064 | | W.Jawson | 9-10-1903 |
| 21372 | Dr | W.Hollinshend | 18-2-1904 |

P. ORR & SONS. ART METAL WORKERS. MADARAS, RANGOON & COLOMBO

લેખની સૌથી ઉપર વર્તુળ છે, જેમાં 1 લખેલ છે. વર્તુળની ઉપર મુગટનું આલેખન છે, જ્યારે વર્તુળની નીચે અર્ધચંદ્રાકારમાં THE BLAZERS લખેલું છે. આ વર્તુલ રોયલ ફિલ્ડ આલ્ટરલની પ્રથમ સાર્જન્ટ બેટરીનું ચિહ્ન છે.

આ લેખોનો ભાવાર્થ એ છે કે રોયલ ફિલ્ડ આલ્ટરલની પ્રથમ સાર્જન્ટ બેટરીએ જ્યારે અમદાવાદમાં મુકામ કર્યો હતો ત્યારે ૧૯૦૧ થી ૧૯૦૪ દરમ્યાન આ બેટરીના સૈનિકો મૃત્યુ પામ્યા હતા તેમની સ્મૃતિમાં આ લેખ મૂકવામાં આવ્યો છે. અહીં દિવંગત સૈનિકોના નામની સાથે તેમના મૃત્યુની તારીખ અને તેમના લશ્કરના રજિ. નં. પણ આપેલા છે. કુલ ૧૩ સૈનિકોની વિગતો આપવામાં આવી છે, જેમનાં નામ લેખના પાઠમાં આપવામાં આવેલાં છે.

આ લેખની દરેક પંક્તિમાં મોટો કેપિટલ લેટર, No., Died શબ્દો લાલ રંગમાં લખેલા છે, જ્યારે બીજા બધા કાળા રંગમાં લખેલા છે. સૌથી મોટા અક્ષરો ૨.૫ c.m છે. કેપિટલ અક્ષર 2x2 cm અને 2x2 cm. ના છે. સૈનિકોનાં નામ અને અટકનો પહેલો અક્ષર સુંદર ગોથિક શૈલીમાં લખેલ છે.

૩. દેવળની ઓલ્ટારની અંદરની ડાબી તરફની દીવાલ પર પિત્તળની તકતી આવેલી છે. લંબચોરસ આકારની આ ઊંચી તકતી ઉપરથી કમાન આકારે છે. ઉપર વર્ણવેલી તકતીના જેવી જ આ તકતી છે. આ બંને તકતીઓની બૉર્ડર, સુશોભન અને અક્ષરોના લખાણની એક જ શૈલી છે. તકતી 1 m. 19 c.m x 51 cm. કદની છે અને લખાણવાળો ભાગ 90 cm. x 36 cm. છે. આ લેખમાં કુલ ૨૧ પંક્તિઓ કોતરેલી છે. તેનો પાઠ નીચે પ્રમાણે છે :

In MEMORY OF
The n.a. OFFICERS & Men OF
THE 4 th Battery R.E.A.
WHO DIED WHILE THE BATTERY WAS STATIONED AT AHMEDABAD
1904 - 06

| | | | | |
|---|---|---|---|---|
| No 6038 | Dr | W.Stone | Died | 16.4.04 |
| 14956 | Dr | W.Anderson | " | 9.5.04 |
| 3069 | Br, Tm | J.Gager | " | 10.6.04 |
| 17145 | B.n | C.Stuart | " | 28.4.05 |
| 1346 | B.n. | J.Cramford | " | 17.5.05 |
| 13426 | " | G.Hibbrd | " | 29-1-06 |
| 7721 | B.n | W.Boulton | " | 9.4.06 |



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

| | | | | |
|---|---|---|---|---|
| 10015 | B.n | J.Tate | Died | 19.6.06 |
| 21454 | " | S.Sheldon | " | 20.9.06 |
| 4349 | " | Dr. F. Barland | | 6.11.06 |
| | | Mrs. F. Pryke | | 10.6.05 |
| | | Wife of B.Q. M.S. Pryke | | |
| | | M.Q.E. Hambert | | 25.1.06 |
| | | Infant son of F Pl Hambert | | |

P. ORR & SONS ART METAL "WORKERS MADRAS, RANGOON & COLOMBO

આ અભિલેખનો વિષય એ છે કે રોયલ ફિલ્ડ આર્ટીલરીની ચોથી બેટરીના ઑફિસર્સ અને માણસો ૧૯૦૪ થી ૧૯૦૬ દરમ્યાન મૃત્યુ પામ્યા હતા તેમની સ્મૃતિ અર્થે આ લેખ કોતરવામાં આવ્યો છે. લેખની સૌથી ઉપર વર્તુલમાં ફરતે ROYAL FIELD ARTILLERY લખેલું છે. વર્તુળની મધ્યમાં 5.cm X 3.5 cm કદમાં 4 નો આંકડો લાલ રંગમાં લખેલો છે. બહારના વર્તુલનો વ્યાસ 19. cm છે, જ્યારે અંદરના વર્તુલનો વ્યાસ 7.cm છે. બહારના વર્તુલની નીચે અર્ધચંદ્રાકારે THE BLAZERS લખેલું છે. તેની નીચે તરંગાકારની બેવડી લીટી વચ્ચે UBIOUW લખાણ લખેલું છે. બહારના વર્તુલની સૌથી ઉપર ત્રણ પાંખિયાવાળો મુગટ કોતરેલો છે. આ વર્તુલ રોયલ ફિલ્ડ આર્ટીલરીની ચોથી બેટરીનું ચિહ્ન છે. તક્તીની બંને બાજુ કુંભી અને શિરાવટી સાથેના આયોનિક શૈલીના સ્તંભ કોતરેલા છે. આ દરેક સ્તંભ 57.cm x 3.5 cm લાંબો છે. આ બંને સ્તંભોની ઉપર કમાનાકારે બૉર્ડર કરેલી છે.

આ લેખમાં દિવંગત સૈનિકો અને તેમના સંબંધીઓનાં નામ તેમની મૃત્યુ તારીખ સાથે આપવામાં આવ્યાં છે. મૃત સૈનિકોના લશ્કરના રજિ. નંબર પણ દર્શાવ્યા છે. સૈનિકોના નામની સાથે તેમના હોદ્દાઓ ટૂંકા અક્ષરોમાં દર્શાવ્યા છે. લશ્કરના માણસોના દિવંગત કુટુંબીજનો લશ્કર સાથે સંકળાયેલા ન હોવાથી તેમના નામની આગળ હોદ્દાઓ કે નંબર દર્શાવેલ નથી. તક્તીના નામની આગળ હોદ્દાઓ કે નંબર દર્શાવેલ નથી. તકતીની ૨૧મી પંક્તિમાં લેખ કોતરનાર કંપનીનું નામ છે. આ પંક્તિના અક્ષરો 0.3 cm. x 0.3 cm. કદના છે. આ લેખમાં પણ ઉપર્યુક્ત લેખની જેમ દરેક કેપિટલ અક્ષર લાલ રંગમાં લખાયેલ છે. આ અક્ષરોનાં કદ 3 cm x 3 cm 5 cm. x 2.5 cm, 2 cm. x 2 cm અને 2 cm. x 1 cm. છે.

લેખ નં. બે અને ત્રણનો અભ્યાસ કરતાં જણાય છે કે દિવંગત સૈનિકો ROYAL FIELD ARTIRLLARY સાથે સંકળાયેલ હતા. પ્રથમ લેખમાં દર્શાવેલ મૃત્યુની તારીખો બીજા લેખની મૃત્યુ તારીખો સાથે અનુસંધાન ધરાવે છે. આમ, કાલગણનાની દૃષ્ટિએ પહેલો લેખ બીજા લેખ સાથે સંકળાયેલો છે. બંને લેખોની લખાણની શૈલી અને સુશોભન પણ એકસરખાં છે. ચર્ચના કુલ અગિયાર લેખમાંથી આ બે જ લેખ એકબીજા સાથે ઘણું સામ્ય ધરાવતા જણાય છે.

**પાદટીપ**

૧. પરમાર થોમસ, 'ખ્રિસ્તી દેવળો', ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-૮, પૃ. ૫૧૩

૨. પરમાર થોમસ, 'અમદાવાદના સેંટ જ્યોર્જ ચર્ચના અભિલેખો ''સામીપ્ય'', ઑક્ટો. ૧૯૮૯-માર્ચ ૧૯૯૦, પૃ. ૧૬૫ થી ૧૭૧, 'અમદાવાદના સેન્ટ જ્યોર્જ ચર્ચની બેપ્ટસ્ટ્રી' પથિક, ઑક્ટો, નવે. ૧૯૯૦



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir








મુદ્રક પ્રકાશક અને તંત્રી : 'પથિક કાર્યાલય' માટે પ્રો. (ડૉ.) કેશવરામ કા. શાસ્ત્રી, ઠે. મધુવન, ઍલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ તા. ૧૫-૯-૯૭

મુદ્રણસ્થાન : પ્રેરણા મુદ્રણાલય, રુસ્તુમઅલીનો ઢાળ, મિરઝાપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧

પૂ.ઠું : ઇન્ટરનેશનલ પ્રિન્ટિંગ વર્ક્સ * શાહપુર માળીવાડાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧

For Private and Personal Use Only